# એકમ–15 માહિતી માધ્યમો (Information Intermediaries)

: માળખું :

15.0 ઉદ્દેશો
15.1 પ્રસ્તાવના
15.2 માહિતી માધ્યમો - લાક્ષણિકતાઓ અને કાર્યો
15.3 ઔદ્યોગિક સમાજમાં માહિતી માધ્યમો
15.4 માહિતી માધ્યમોનાં પ્રકારો
15.4.1 માહિતી દલાલો
15.4.2 માહિતી પરામર્શકો
15.4.3 ઓનલાઈન વિક્રેતાઓ
15.4.4 ટેક્નોલોજીકલ ગેટકીપર્સ
15.4.5 ઈનવાઈઝેબલ કોલેજીસ
15.4.6 ઈન્ફોર્મેશન ફીલ્ટર્સ
15.4.7 વિસ્તરણ કાર્યકરો, સહનબીબી વ્યાવસાયિકો, જિલ્લા વિકાસ અધિકારો વગેરે
15.5 ICT અને માહિતી માધ્યમો
15.5.1 મધ્યવર્તી કાર્યોમાં ઇન્ટરનેટની ભૂમિકા
15.5.2 ફીલ્ટરીંગ સોફ્ટવેર
15.5.3 નિષ્ણાત પધ્ધતિઓ
15.5.4 ઈલેક્ટ્રોનિક બ્રોકરેજ
15.6 ભારતમાં માહિતી માધ્યમો
15.7 સારાંશ
15.8 તમારી પ્રગતિ ચકાસોનાં ઉત્તરો
15.9 ચાવીરૂપ શબ્દો
15.10 સંદર્ભો અને વિશેષ વાંચન

## 15.0 ઉદ્દેશો (Objectives)

- **આ એકમ વાંચ્યા બાદ, તમે શક્તિમાન બનશો કે...**
- માહિતી મધ્યમોનાં કાર્યો અને લાક્ષણીકતાઓ જાણવા.
- વિવિધ વિષય ક્ષેત્રોમાં માહિતી માધ્યમોના વિવિધ પ્રકારોને ઓળખવા.
- માહિતી માધ્યમોના વિવિધ પ્રકારોમાં સ્પષ્ટ આંતરસૂઝ પ્રાપ્ત કરવા અને
- માહિતી માધ્યમો કે જેઓ ICI વિકાસોના કારણે અગત્ય/મહત્વ મેળવી રહ્યા છે. તેમનાં નવાં સ્વરૂપો દશ્યમાન કરવા.

## 15.1 પ્રસ્તાવના (Introduction)

આધુનિક સમાજો પૈકી ઘણા જ્ઞાન વ્યવસ્થા તરફ ફરી રહ્યા છે. જેમાં આર્થિક અને સામાજિક વિકાસ બહાર લાવવા માટે માહિતી એ ખૂબ શક્તિશાળી ઘટક બન્યું છે. વ્યવહારમાં, આજે માનવ પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાં માહિતી અને જ્ઞાન અનિવાર્ય અગત્યના સ્રોતો છે. આમ છતાં, માહિતીની સુગમતા અને ઉપલબ્ધતા થોડા દસકાઓ પહેલા સમાન પ્રવૃતિઓ માટે પ્રવર્તમાન પરિસ્થિતિઓની તુલનામાં

ખૂબ વધારે સંકીર્ણ અને જટિલ બન્યાં છે. - વાસ્તવમાં ભૂતકાળમાં, માહિતીની શોધ અને જરૂરી માહિતી મેળવવાનું ઉપયોગકારો માટે ખૂબ સરળ હતું. તેઓ તેમના સંબંધિત ક્ષેત્રોના પશ્ચાદ્‌ભૂ જ્ઞાન અને શોધ માટે સરળ પ્રક્રિયા સાથે સંબંધિત સંદર્ભ મેળવવા માટે સરળતાથી ખેડાણ કરી શકતા. (પ્રત્યન કરી શકતા) પરંતુ આજે અનેકવિધ સ્વરૂપોમાં માહિતી વૈવિધ્ય અને વિષયો/વિદ્યાશાખાઓના ઝડપી વિકાસના કદના કારણે વિશેષજ્ઞોના અલગ જૂથની જરૂર પાડીને ઉપયોગકારોને સંબંધિત માહિતી પૂરી પાડી શકે.

માહિતી પ્રવેશની જટિલતાઓમાં ઉમેરો થતાં, પ્રવૃત્તિઓમાં સંમિલિત થયો. માહિતી ઉપયોગકારોની વિવિધ કક્ષાઓની તમામ જરૂરિયાતોએ નિષ્ણાતો અને સંસ્થાઓના નવા જૂથ ના ઉદ્‌ગમનને આધાર આપ્યો છે. જેઓ (નિષ્ણાતો અને સંસ્થાઓ) ઉપયોગકારો અને તેમની વિશિષ્ટ માહિતી જરૂરિયાતો વચ્ચે મુખ્ય કડી તરીકે સેવા આપી શકે. નિષ્ણાતો / સંસ્થાઓનું આ જૂથ 'માહિતી મધ્યમો' તરીકે કાર્યરત હોય છે. તેઓ માત્ર તેમના સંબંધિત ક્ષેત્રમાં વિષય નિષ્ણાત હોતા નથી પણ તેઓ મંગાયેલી/અપેક્ષિત ગતિ સાથે ઉપયોગકારોને જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવવા અને માહિતી શોધવામાં એટલા જ કૌશલ્યોપૂર્ણ અને જ્ઞાનવાન હોય છે. બીજા શબ્દોમાં, માધ્યમો નિષ્ણાત હોય છે. જેઓ ઉપયોગકારો અને માહિતી એકત્ર કરે છે. તેની પ્રક્રિયા કરે છે અને પ્રસાર કરે છે. ટૂંક સારમાં, તેઓ માહિતીના ઉત્પાદકો અને ઉપયોગકારો વચ્ચે જોડાણ તરીકે કાર્ય કરે છે.

મૂળભૂત રીતે માહિતી મધ્યમો બે પ્રકારનો હોય છે. પ્રથમ પ્રકારમાં માહિતી દલાલો, માહિતી પરામર્શ કરે, ઓનલાઇન વિક્રેતાઓ વગેરે રચે છે. (ઘટક હોય છે) જેઓ નફો રળવા માટે પ્રેરિત થયા હોઈ વ્યાપારી સાહસ તરીકે તેમની સેવાઓ માટે ફી વસૂલ કરે છે.

સંદર્ભ ગ્રંથપાલો, માહિતી અધિકારીઓ, અન્ય થોડા જૂથો અને એજન્સીઓ કે જેઓ માહિતી મધ્યમોનાં કેટલાંક વર્તમાન કાર્યો આપે છે. તેઓ ફી વસૂલ કરતા નથી કારણ કે તેઓ સેવા ભાવનાથી પ્રેરિત થયા હોય છે.

તાજેતરમાં દસકામાં, અદશ્ય મહાશાળાઓ, તકનીકી દરવાનો, માહિતી ગળણીઓ જેવાં માહિતી માધ્યમોના નવા પ્રકારો પણ અનપેક્ષિત રીતે બન્યા છે. નિષ્ણાત પદ્ધતિઓ અને ઈન્ટરનેટ સેવાઓ છે. જેઓ માહિતી માધ્યમોની ભૂમિકા ભજવી રહ્યા છે.

માહિતિ માધ્યમોના આ પ્રકારો ઉપરાંત, વિસ્તરણ કર્મચારીઓ, તબીબ સહાયક વ્યાવસાયિકો, જિલ્લા કર્મચારીઓ, તબીબ સહાયક વ્યાવસાયિકો, જિલ્લા વિકાસ અધિકારીઓ પણ ખાસ કરીને ભારતના સંદર્ભમાં, માહિતી તબદીલીના એજન્ટો તરીકે ગોઠવીને અર્ધ - શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉચ્ચ વિશિષ્ટ માહિતી સેવાઓ આપી રહ્યા છે.

આ તમામ પ્રકારના માહિતી માધ્યમો, તેમનાં સંઘટનો, કાર્યો અને સેવાઓની આ એકમના અલગ વિભાગોમાં થોડી વિગત સાથે ચર્ચા કરી છે. માહિતી માધ્યમો : એક કામચલાઉ વ્યાખ્યા.

માહિતી માધ્યમોની કામચલાઉ વ્યાખ્યામાં આવવા માટે વિવિધ પ્રકારના માધ્યમોના ઉદ્‌ગમન આવવા માટેની આવશ્યકતા તપાસવી જરૂરી હોય છે. આપણે ખરેખર સંજોગોનો ઉલ્લેખ કર્યો છે કે જેઓ એ માહિતી સેવાઓના વિશિષ્ટ પ્રકારોના સર્જનની જરૂરિયાત ઉપસ્થિત કરી. આ માહિતી સેવાઓ જરૂરીયાતે આધારી અને ઉપયોગકાર કેન્દ્રીત હોય છે. દાખલા તરીકે સંશોધન અને વિકાસમાં (R & D) અને વ્યાપારમાં, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં, સંસ્થાઓ અને સંગઠનોના વ્યવસ્થાપનમાં, સરકારી મંત્રીમંડવો અને વિભાગોમાં અને તેમની દૈનિક પ્રવૃત્તિઓ માટે સામાન્ય વ્યક્તિમાં પણ તેની વિશિષ્ટ જરૂરિયાતો માટે સામાન્ય વ્યક્તિમાં પણ તેની વિશિષ્ટ જરૂરિયાતો માટે માહિતીની જરૂર હોય છે. વાસ્તવમાં, એવી કોઈ પ્રવૃત્તિ નથી કે જેમાં માહિતી એ કોઈ મુખ્ય ઘટક ન હોય ખાસ કરીને માગણી આધારિત માહિતી બજારોના પ્રવર્તમાન સંદર્ભમાં નિષ્ણાતોના એવા જૂથની જરૂર હોય છે. જેઓ ગ્રાહક સામાનવી વ્યાપારી પરિસ્થિતિ કે જ ઉત્પાદક અને ગ્રાહક અને ભેગા કરે છે તેને અનુરૂપ માહિતીના ગ્રાહકો અને ઉત્પાદકો ભેગા કરવા મધ્યસ્થ તરીકે સેવા બજાવે છે.

માહિતી પણ વ્યાપાર કરવા લાયક ચીજ ગણાવી હોવાના કારણે, પૂરી પકડાયેલ માહિતીની ઉપયોગીતાના આધારે ગ્રાહકસ સંતોષ આવશ્યક છે. આવા સંદર્ભમાં, ઉત્પાદક અને ગ્રાહક વચ્ચેની કડી તરીકે સેવા બજાવતા મધ્યસ્થીઓની ભૂમિકા દેખીતી રીતે ઘણી અગત્યની છે. જૂથ અથવા સંગઠન/સંસ્થા અથવા કમ્પ્યુટર આધારિત માહિતી એજન્ટો તરીકે મધ્યસ્થીઓનું આ જૂથ પ્રાથમિક

રીતે ઉપયોગકારો અને માહિતી પેદાશો વચ્ચે જોડાણ કાર્ય બજાવે છે - બજાવી રહ્યા છે. જેમ કહેવતરૂપ પરોપજીવીઓ તેમના યજમાનોમાંથી ખેચેં છે તેમ બંને ઉત્પાદકો અને ગ્રાહક જૂથોમાંથી કૌશલ્યો ખેંચનાર પરોપજીવીઓની જેમ તેઓને જોઈ શકાય છે. પરંપરાગતરીતે, આ કાર્યો લાંબા સમયથી પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રોમાં સંદર્ભ ગ્રંથપાલો, જ્ઞાન અને માહિતી પૂરી પાડનારાઓ દ્વારા બજાવાય છે. મોટી સંખ્યામાં ઉપયોગકાર કક્ષાઓ અને ઝડપથી વધતા માહિતી સ્રોતો દ્વારા જરૂરિયાત આધારિત માહિતી સેવાઓ માટે વધતી માંગણી સાથે ઝડપથી ઉદ્ગમન થતો જ્ઞાન સમાજે માહિતી નિષ્ણાતનો નવા જૂથ માટેની જરૂરિયાત સુષ્પષ્ટ કરી છે. માહિતી વ્યાવસાયિકોના સ્પષ્ટ જૂથના આ પ્રકારનાં કાર્યો પ્રાથમિક માહિતી પોતાની જાતિ ઉત્પાદન કરવાનામ કે સર્જન કરવાનાં નથી પરંતુ માહિતીના ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે કડી સ્થાપિત કરવાનાં છે. એમની પ્રવૃત્તિઓ માહિતીની પસંદગી અને એકત્રીકરણ અને સઘનીકરણ અને પુનઃ બાંધણી, સંક્ષેપકરણ અને ઉપયોગકારોની જરૂરિયાતને અભિમુખિત સંપૂર્ણ રીતે અન્ય તમામનો સમાવેશ કરે છે. આથી, આ જૂથોનું માહિતી માધ્યમો તરીકે નામકરણ થયું છે. જેઓ મધ્યવર્તી કક્ષાએ ઉપયોગકારોને તેમની માહિતી જરૂરિયાતો સાથે જોડવાનું કાર્ય કરે છે.

જો કે માહિતી મદ્યગો શબ્દ નકારાત્મક સેવાઓના સંદર્ભમાં ઉદ્ભવો છે પરંતુ આ શબ્દ તમામ પ્રકારોના માહિતી માધ્યમોને લાગુ પાડી શકાય છે. દાખલા તરીકે, નિષ્ણાત અથવા નિષ્ણાતોનું જૂથ. સંગઠિત સંસ્થાઓ અથવા કમ્પ્યુટર આધારિત એજન્ટો જેઓ કાસ સેવા આપે છે જે ઉત્પાદક અને ગ્રાહકને જોડે છે અને પૂરી પકડાયેલ માહિતીના સર્વોત્તમ ઉપયોગની સુવિધા પૂરી પાડે છે. માહિતી સેવાઓના આ પ્રકારોના વિકાસ અત્યંયત ICT આધારિત બની રહ્યો છે અને વિવિધ પરિણામોમાં અન્ય સેવાઓના વિકાસને (રજા આપી છે) પરવાનગી આપી છે.

ઘણી નિષ્ણાત પધ્ધતિઓની રચના કરાઈ છે અને વિકસાવાઈ છે જે ગ્રાહક જરૂરિયાતો પર પ્રકાશ પાડીને સુનિશ્ચિત માહિતી સેવાઓ આપે છે. ઇન્ટરનેટ પણ હવે અગાઉ પરંપરાગત માધ્યમો દ્વારા અપાતા ઘણા આ વિશિષ્ટ કાર્યો હવે બજાવી રહ્યું છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

1. તમે માહિતી માધ્યમો શબ્દથી શું સમજો છે.

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો

2. એકમનો અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 15.2 માહિતી માધ્યમો-લાક્ષણિકતાઓ અને કાર્યો (INFORMATION INTERMEDIARIES CHARACTRISTICS AND FUNCTIONS)

◆ **માહિતી માધ્યગોનાં લક્ષણો :**

- માહિતી મધ્યમોનું મૂલ્ય તેમની શક્તિની માત્રામાં રહેલું છે.
- ઉત્પાદકો અને ગ્રાહકોના જ્ઞાનની જરૂરિયાતને સંતોષવી
- ઉત્પાદકો અને ગ્રાહકો/માહિતીના ઉપયોગકારો વચ્ચે તબદીલી કરવી.
- માહિતીના ઉપયોગકારો અને ઉત્પાદકોને સાથે લાવવામાં માધ્યમોમાં હોવું જોઈએ કે....

1. માહિતીના સ્રોતો અને જરૂરિયાતો મુજબ માહિતી કઢાવવા માટે આ સ્રોતોને કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય એનું જ્ઞાન.

2. માહિતી તબદીલીનું ટેક્નિકલ બાબતોનું જ્ઞાન
3. તેઓ જે કાર્યમાં કાર્ય કરવાના હોય એનું જ્ઞાન
4. ઉપયોગકારનાં લક્ષણો અને પ્રવર્તમાન ICT વિકાસના સંદર્ભમાં ઉપયોગકારો જે પર્યાવરણ હેઠળ કાર્ય કરે છે તેનું અવબોધન અને

**5. ઈન્ટરનેટ સ્રોતો અને સેવાઓનું જ્ઞાન**

માહિતીના અસરકારક તબદીલીના દૃષ્ટિબિંદુથી અમુક વિશિષ્ટ કૌશલ્યોની પણ જરૂરિયાત હોય છે. તેઓ છે.

1. અસરકારક પ્રત્યાયન કૌશલ્યો : લેખિત અથવા મૌખિક
2. ઉપયોગકારની જરૂરિયાતોને ચોક્કસરીતે સમજવાની અને પૃથ્થકરણ કરવાની માનસિક સક્ષમતા
3. માહિતી ક્ષતિપૂર્તિ જેવી કે શોધ યુક્તિ-પ્રયુક્તિઓ અને તકનીકો માટે કૌશલ્યો
4. તકનીકી કૌશલ્ય જેવું કે માહિતી નોંધણી કાર્ય, સૌફ્ટવેર પેકેજનું સંચાલન કરવું, સર્ચ એન્જિનો અને વિશિષ્ટ વિષયની પ્રવૃતિ સંબધિત તેમનાં લક્ષણો અને નેટ પરે કરવાનું જ્ઞાન.
5. જ્ઞાન - ઉદ્યોગનું જ્ઞાન

વ્યક્તિત્વ ગુણોના સંદર્ભોમા, માધ્યમો હોવા જોઈએ.

1. આંતરસૂઝ ધરાવનાર
2. જિજ્ઞાસુ
3. બહિમુર્ખી
4. બીજાઓમાં રસ ધરાવનાર
5. ભારપૂર્વક રજૂઆત કરી શકે એવા
6. પૂરપરછ કરનાર
7. આત્મવિશ્વાસુ
8. લવચીત અને
9. ટેક્નિકલ રીતે સક્ષમ

માધ્યમોનું પ્રાથમિક કાર્ય ઉપયોગર્કોને ઝડપી અને પુરતી માહિતી પુરી પાડવાનું છે. તેઓ જે કાર્ય કરે છે. તેનાં મુખ્ય કાર્યો છે.

1. ડેટા અને માહિતી, સર્ચ કરવી
2. ડેટા અને માહિતીનું પૃથક્કરણ કરવું અને જો જરૂર જણાય તો તેમને સઘન બનાવવા - જરૂરિયાત મુજબ અને
3. જરૂર સ્વરૂપમાં માહિતી પ્રસાર કરવી

આ કાર્યો બજાવવામાં, માધ્યમોએ અસંખ્ય માહિતી સ્રોતો - પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય સાથે પરામર્થ કરવો પડે છે. આ માહિતી સ્રોતોના વિષયવસ્તુ , તેમના આયોજન અને રજૂઆત, તેમાંથી માહિતીની ક્ષતિપૂર્તિ માટેની શોધની તકનીકો અને ઘણાં અન્ય સ્રોતોનું જ્ઞાન જરૂરિયાત આધારિત ઉપયોગકાર અભિમુખિત સેવાઓ આપવા આ સ્રોતોના સ્રોવત્તમ ઉપયોગ કરવા માટે આવશ્યક છે.

**(i) ડેટા અને માહિતી સર્ચિંગ (Searching Data and Information)**

આ કાર્ય સંબંધિત મુખ્ય કાર્યો છે. ઉપયોગકારો અને તેમની માહિતી જરૂરિયાતોની ઓળખ, માહિતી સંગ્રહ સ્રોતો કે જે માહિતી જરૂરિયાતને સંતુષ્ટ કરે તેની ઓળખ. સર્ચ વ્યૂહ વિકસાવવો અને માહિતી સંગ્રહની પ્રવેશગમ્યતા - કાં તો માનવીય રીતે (ગ્રંથાલયના ઘોડાઓ - છાજલીઓ, સૂચિપત્રો, પત્તા વગેરે) અથવા વીજાણુયરીતે (સ્વયંસંચાલિત પધ્ધતિ અથવા નેટ) ની ઓળખ. તેઓની સર્ચ પરિણામોનું મૂલ્યાકંન કરવા માટે પણ જરૂરી હોય છે. કેટલીકવાર તેઓ ઉપયોગકારને ડેટા અને માહિતીના અન્ય

સ્ત્રોતોનું સૂચન કરવાનું કાર્ય બજાવે છે. તેઓ વિવિધ નામોથી પણ ઓળખાય છે. જેવા કે માહિતી સલાહકારો સંદર્ભ ગ્રંથપાલો સંદર્ભ વિશેષજ્ઞો માહિતી શોધકો, ટેકનિકલ માહિતી વિશેષજ્ઞો, ઈજારાપત્ર શોધક, જ્ઞાન વહીવટદાર, જ્ઞાન અધિકારી, જ્ઞાન વ્યવસ્થાપક વગેરે..

**(ii) ડેટા અને માહિતીનું પૃથ્થકરણ (Analaysing Data and Information)**

આ કાર્યને પુસ્તકાલયોમાં, કમ્પ્યુટર ફાઈલોમાં, માહિતી સંગ્રહો અને વેબ પોર્ટલમાં ઉપલબ્ધ વિવિધ સ્ત્રોતોમાં ડેટા અને માહિતીના સંશોધન અને પૃથ્થકરણની જરૂર પડે છે. પૃથ્થકરણ એ સંક્ષેપકરણ અગાઉ લખેલ સાદું સારાંશકરણ, વિવિધ સ્રોતોમાંથી માહિતીનું સઘનીકરણ, કમ્પ્યુટર ઉત્પાદિત નીપજ વગેરેમાં પરિણમે છે. આ પ્રકારનાં કાર્યો બજાવતું જૂથ વિવિધ નામો જેવાં કે પૃથ્થકરણ, નિષ્ણાંત, માહિતી સલાહકાર, કાર્ય પૃથ્થકરણકાર, સંશોધન મદદનીશ, જ્ઞાન સ્રોત પૃથ્થકરણકાર, વિષય વિશેષજ્ઞો જેવા કે અર્થ વ્યવસ્થા પૃથ્થકરણકાર, નાણાંકીય પૃથ્થકરણકાર, વ્યવસ્થાપન પૃથ્થકરણકાર, ઈજારાપત્ર પૃથ્થકરણકાર વગેરે તરીકે ઓળખાય છે.

**(iii) જરૂરી સ્વરૂપોમાં માહિતીનો પ્રસાર કરવો**

આ કાર્યને સંબંધિત પ્રવૃત્તિઓ જરૂરી સ્વરૂપમાં માહિતીનું વિતરણ છે. આ સઘનીકરણ, પુનઃ બાંધણી, અદ્યતન હેવાલોની તૈયારી, સમાલોચનાઓ વગેરેને આવરી લે છે. જેવા કે : માહિતી પૃથ્થકરણકાર , માહિતી સંશોધન અધિકારી, સામાલોચક, દસ્તાવેજીકરણ અધિકારી, પ્રકાશન અધિકારી વગેરે.

માધ્યમોને બજાવવામાં અન્ય કાર્યોની નીચે પ્રમાણે યાદી કરાઈ છે. માહિતી મધ્યગને અપેક્ષિત છે કે...

(એ) માહિતી પૂરી પાડનારાઓ વચ્ચે સંબંધ (જોડાણ) જાળવી રાખવો.

(બી) ઉપયોગકારની જરૂરિયાતોનું સંશોધન કરવું અને આ બાબતમાં ઊભી થવી સમસ્યાઓના ઉકેલ શોધવા

(સી) વિવિધ સ્રોતો અને ટૂંકા લખાણોમાંથી સામગ્રી એકત્ર કરવી

(ડી) સ્રોત સામગ્રીમાંથી સમાચારો અને રૂપક માટે મુસદ્દા પૂરા પાડવા

(ઈ) જાહેર વિધાનો માટે ટૂંકા લખાનો પૂરાં પાડવાં.

(એફ) માધ્યમો, સંગઠનો અને જાહેર પ્રજામાંથી માહિતીઓનું સંચાલન કરવા મદદ કરવી.

(જી) વિવિધ માધ્યમો મારફતે માહિતીનો ફેલાવો કરવો

(એચ) વિશિષ્ટ બજારો માટે પ્રકાશનોની માત્રાને વિસ્તારવી અને વિકસાવવી.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

2. માહિતી માધ્યમો દ્વારા જરૂરી વિશિષ્ટ કૌશલ્યોની ગણના કરો.

3. માહિતી માધ્યમોના ત્રણ પાયાંનાં કાર્યોની ટૂંકમાં ચર્ચા કરો.

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તરો લખો

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 15.3 અનુ-ઔદ્યોગિક સમાજમાં માહિતી માધ્યમો (INFORMATION INTERMEDIATIES IN THE POST INDUSTRIAL SOCIETY)

નોંધપાત્ર અને અગત્યનું પરિબળ છે. જે માહિતી માધ્યમોના કાર્યોનું લક્ષણ જણાવે છે તે

અનુ-ઔદ્યોગિક સમાજના ઉદ્‌ગમન સાથે બદલાતી ભૂમિકા છે. અગાઉ નિર્દેશ કર્યા મુજબ માહિતી સ્રોતોની વિવિધે પરિસ્થિતિઓ અને જટિલતામાં ઉપયોગકારોની માહિતી જરૂરિયાતોની અનિવાર્યતાએ માહિતી માધ્યમોને સૌથી વધારે યોગ્ય ઉપયોગકાર અભિમુખ ઉત્પાદનો અને સેવાઓ ઉત્પન્ન કરવા પરિવર્તક તકનીકો અને પધ્ધતિઓનું સર્જન કરવા ફરજ પાડી છે.

**Tom Stonier (1963) ના શબ્દોમાં, અનુ-ઔદ્યોગિક સમાજમાં અગત્યનું લક્ષણો છે...**

(એ) ઉત્પાદન અર્થ વ્યવસ્થા કરતાં સેવા અર્થ વ્યવસ્થા કે જેમાં જ્ઞાન ઉદ્યોગ પ્રભાવી ભૂમિકા ભજવે છે.

(બી) તેનું શ્રમબળ દ્વારા ચરિત્ર ચિત્રણ થાય છે. જે લોકો દ્વારા પ્રભાવી બને છે. જેઓ યંત્રો વડે નહીં પણ માહિતી વિગતો વડે કાર્ય કરે છે - સંચાલન કરે છે.

સારણી 15.1 ની મદદથી માધ્યમોની બદલાતી ભૂમિકાનું દર્શન થઈ શકશે.

સારણી 15.1 અનુ-ઔદ્યોગિક સમાજમાં વિવિધ પ્રકારના કાર્યકરો અને તેમની ભૂમિકાઓ

| **ક્રમ** | **કાર્યો** | **કાર્યકર્તાઓનો પ્રકાર** |
|---|---|---|
| 1 | માહિતીની ગોઠવણી | વ્યવસ્થાપકો |
| 2. | માહિતીનું પ્રસારણ | મંત્રીઓ, ટેલિફોન ઓપરેટર, ટપાલ કર્મચારીઓ, પત્રકારો, શિક્ષણવિદો, તકનીકી વેચાણ લોકો, માહિતી સંગ્રહ વિક્રેતાઓ, માહિતી ટેક્નોલોજી વિશેષજ્ઞો, પરિવર્તનના એજન્ટ તરીકે, વિસ્તૃત રીતે વિસ્તારેલા અને ઉન્નત કરાયેલા જ્ઞાન સેવાના આવશ્યક ઘટકો. તેઓ વિવિધ મુદ્દાઓએ અન્યોની સમસ્યા ઉકેલ પ્રવૃત્તિઓમાં પ્રવેશશે. તેઓને તેમની સમસ્યાઓની સ્પષ્ટોક્તિ કરવા અને ઉકેલો માટેની શોધ કરવામાં મદદ કરશે. માધ્યમો માટે વિસ્તૃત ભૂમિકા માટે અન્ય શક્યતાઓ પણ હોય જેમ કે શિક્ષણ સંભારત, નવા સ્રોતો પરત્વે એની ઉપયોગકારોને પરિચય કરાવીને અને તેમને તેમના ઉપયોગમાં તાલીમ આપીને. |

### ◆ માહિતી માધ્યમો અને બદલાતાં વૈશ્વિક બજારો

### (Information Intermediaries and Chainging Global Market)

વૈશ્વીકરણ એ ભારતીય અર્થવ્યવસ્થામાં મુખ્ય બદલાતી પધ્ધતિઓ પૈકી એક છે કે જે ભારતને જ્ઞાન આધારિત ઉદ્યોગો અને પશ્ચાત્ કાર્યાલય કાર્યોમાં વૈશ્વીક ચાલક બનાવે છે. વૈશ્વિક બજાર પ્રવેશ અને વિસ્તરણ મારફતે અર્થવ્યવસ્થાનું ઉદારીકરણ અને વૈશ્વીકકરણની અસરો ભારતીય સાહસોમાં અનુભવી શકાય છે. કેટલાક વૈશ્વિક બ્લુ-ચીપ (Blue Chip) નિગમો અને Fortune - 1000 નીગમોને ઉકેલ પૂરા પાડવા ઘણા માહિતી અને જ્ઞાન પ્રક્રિયા કરતાં સંગઠનો ભારતમાંથી સંચાલન કરી રહ્યાં છે. આ નીગમો તેમના પરિવર્તક ઉત્પાદનો ભાત (પધ્ધતિ) અને ખરીદ - વેચાણ વ્યૂહો મારફતે નહી કરી રહ્યાં છે. આ બાબતો સમર્પિત ભાવિગમ્ય સંશોધન અને વિકાસ્તથા વ્યાપાર બુદ્ધિમત્તા કાર્યોમાંથી મેળવાય છે.

સંશોધન અને વિકાસ (R & D) માટે મુખ્ય માહિતી આગતો અને વ્યાપારી બુદ્ધિમત્તા માહિતી માધ્યમોમાંથી આવે છે. વિકસિત દેશોમાં, માહિતી માધ્યમો નીગમોને રૂપાંતરીત વ્યક્તિગત અને સંશોધિત (ગળાયેલી) માહિતી ઉકેલો પૂરા પાડવા માટે ખૂબ સક્રિય હોય છે. ભારતમાં, ઉદ્યોગગૃહ પ્રાયોજિત સહયોગી સંશોધન અને વિકાસ પ્રવૃત્તિઓ શૈક્ષણિક સંસ્થાઓમાં બની રહી છે અને અસંખ્ય ઉદ્યોગ ગૃહ સંશોધન અને વિકાસ કેન્દ્રો પણ કાર્યાન્વિત છે. આ સંસ્થાઓ સમયસર નવજાત માહિતી મેળવવા માહિતી માધ્યમોની સેવાઓ ખર્ચે છે. - વાપરે છે - ઉપયોગમાં લે છે. માહિતી માધ્યમોનું બજાર પ્રમાણસર રીતે વિસ્તૃત થાય અને ઉદ્‌ગમીત બજારોની સેવા કરવા માટે ઉદ્યોગ સાહસિકતા આ વ્યાપારી વિભાગમાં વિકસી છે.

અગાઉ ઉલ્લેખ કરાયેલ માહિતી માધ્યમોનાં તમામ કાર્યો સંસ્થા કે સંગઠનમાંના વ્યાવસાયિકો દ્વારા કરાવવાની જરૂર નથી જો કે તેઓની સેવામાંની જરૂર પડશે, આનાંથી માહિતી માધ્યમો જેવા કે પરામર્શક સેવાઓ ઓન લાઇન સર્ચ સેવા વગેરે માટે નવી તકો ખુલ્લી થાય છે.

◆ **વિવિધ ક્ષેત્રોમાં માહિતી માધ્યમો (Information Intermediaries in various fields)**

માહિતી માધ્યમો અસ્તિત્વે ધરાવે છે અને તેઓ પ્રવૃત્તિઓના વિવિધ વ્યાવસાયિક અથવા ધંધાકીય વિસ્તારોમાં માહિતી આધાર પૂરો પાડે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં તેઓ અભ્યાસ પ્રકાશનોમાંથી માહિતી સરળ બનાવે છે કે જેથી વૈજ્ઞાનિકો અને ટેકનોલોજીસ્ટો તેમના સંશોધની બિલકુલ નજીકતામાં જ્ઞાન મેળવી શકે. સમાજે વિજ્ઞાનોના ક્ષેત્રમાં, તેઓ સામાજિક સૂચકો, સામાજિક પ્રવાહો, સામાજિક સંઘર્ષો અને સામાજિક વિકાસો વિશે સામાજિક વૈજ્ઞાનિકો, સામાજિક કાર્ય કરો. નીતિ ઘડવૈયાઓ અને અન્ય વ્યાવસાયિકો કે જેમની પ્રવૃત્તિઓનો વિસ્તાર/ક્ષેત્ર સમાજ સાથે જોડાયેલાં હોય છે. તેમને માહિતી પૂરી પાડે છે. ઉદ્યોગગૃહ નીતિ ઘડતરનાં ક્ષેત્રમાં માહિતી માધ્યમો વ્યાપારી પ્રવાહો, બજાર વિકાસ અને વ્યાપાર બુદ્ધિમત્તા સાથે જોડાયેલ સામાજિક - આર્થિક પર્યાવરણની વેગવાન માહિતી પૂરી પાડે છે. અહીં, માહિતી પર્યાવરણને સૂક્ષ્મ રીતે તપાસીને, નિયમનકારી માળખાને તપાસીને. ઉદ્યોગ ગૃહ સાહિત્ય જેવાં કે વાર્ષિક હેવાલો, સરવૈયાં અને ઉપયોગકારોના પ્રતિપોષણના પૃથ્થકરણને તપાસીને ઉત્પન્ન કરી શકાય છે. પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રોમાં, માહિતી માધ્યમો વ્યાપારી પ્રવાહો, બજાર વિકાસ અને વ્યાપારી બુદ્ધિમત્તા સાથે જોડાયેલા સામાજિક, આર્થિક પર્યાવરણની વેગવાન માહિતી પૂરી પાડે છે. અહીં માહિતી પર્યાવરણને સૂક્ષ્મ રીતે તપાસીને, નિયમનકારી માળખાને તપાસીને. ઉદ્યોગગૃહ સાહિત્ય જેવાં કે વાર્ષિક હેવાલો, સરવૈયા અને ઉપયોગકારોના પ્રતિપોષણના પૃથ્થકરણને તપાસીને ઉત્પન્ન કરી શકાય છે. પ્રવૃત્તિઓના તમામ ક્ષેત્રોમાં, માહિતી માધ્યમો વિવિધ કારણ માટે મુખ્ય ભાગ ભજવે છે. સૌ પ્રથમ, તમામ પ્રકારની માહિતી અત્યંત દરથી વિકસી રહી છે અને આવી માહિતી તે સંશોધન અને વિકાસ હોય, પ્રક્રિયા/ઉત્પાદન, અંકીય અને પુસ્તકીય હોય તે વિવિધ સ્વરૂપોમાં અને સ્રોતોના પ્રહારોમાં વિખરાયેલી છે. બીજું, ઉપયોગકારોની સંખ્યામા સ્થિર વદારો હોય છે. ઉપયોગકારોની જરૂરિયાતો મુજબ માહિતીના ઝડપી વિતરણ સાથે સાથે આ બે આ ક્ષેત્રોમાં માહિતી માધ્યમોની ભૂમિકાને વધારે પડકારમય બનાવે છે. ઘણા કિસ્સાઓમાં, પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો પણ કેટલીક પ્રવૃત્તિઓ બજાવે છે. આમ છતાં, માધ્યમોની ભૂમિકા એક રીતે તદ્દન અલગ છે કે તેઓ દસ્તાવેજ સંગ્રહની ગોઠવણી કરતા નથી અથવા સાચવણી કરતા નથી. તેઓ તેમના હેતુઓને પરિપૂર્ણ કરવા માટે વિવિધ સ્રોતોનો ઉપયોગ કરે છે. માહિતી માધ્યમો સામાન્ય રીતે તેના સંબંધિત ક્ષેત્રોમાં નિષ્ણાત હોય છે.

તેમનાં નિષ્ણાત અવલોકનો, ગહન જ્ઞાન અને સમજણ માટેના કૌશલ્યો તેમનાં કાર્યોને વધારે કાર્યક્ષમ રીતે બજાવવામાં સહાય કરે છે જો કે **(Technological Gatekeepers and Invisible Collages** કે જેઓ મોટા ભાગની પ્રવૃત્તિઓ બિન વ્યાવસાયિક અને બિન ઔપચારિક ધોરણે બજાવે છે.

## 15.4 માહિતી માધ્યમોના પ્રકારો (TYPES OF INFORMATION INTERMEDIATRIES)

માહિતી માધ્યમો વિવિધ પ્રકારોના હોય. વિસ્તૃત રીતે તેઓ પૈકી કેટલાક માનવ નિષ્ણાતો અથવા સંગઠનો હોય છે. જ્યારે અન્યો સ્વયં સંચાલિત બુદ્ધિમત્તા એજન્ટો હોય છે. વિવિધ શાખાઓમાં માહિતી માધ્યમોમાં માહિતી દલાલો, માહિતી પરામર્શકો, ઓન લાઇન વિક્રેતાઓ, ટેકનોલોજીકલ ગેઈટકીપર, ઈનવીઝીબલ કોલોજીસ, માહિતી ફીલ્ટર્સ વગેરેનો સમાવેશ થાય છે. ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારોમાં, વિસ્તરણ કાર્યકરો, તબીબ સહાયક વ્યાવસાયિકો, જિલ્લા વિકાસ અધિકારીઓ, માહિતી માધ્યમો તરીકે અગત્યની ભૂમિકા ભજવે છે.

આ રીતે માહિતી માધ્યમો મૂળભૂત રીતે બે પ્રકારોના હોય છે. નપો કરતા અને બિન નફાકારક. નફો કરતાની કક્ષા હેઠળ એવી તમામ વ્યક્તિઓ અથવા સંગઠનો આવે છે. જેઓ ફી વસુલ કરીને માહિતી પૂરી પાડે છે. માહિતી દલીલો, માહિતી પરામર્શકો, ઓન લાઇન વિક્રેતાઓ આ કક્ષામાં આવે છે. આ ઉપરાંત ઘણાં વિજ્ઞાન અને વિકાસ સંગઠનો તેમના પોતાના કર્મચારીઓની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે માહિતી માધ્યમોનો કાર્યો બજાવવા માહિતી વિશેષજ્ઞોની નિમણૂક કરે છે.

માહિતી અધિકારીઓ જ્ઞાન અધિકારીઓ, જ્ઞાન વ્યવસ્થાપકો, પ્રકાશન અધિકારીઓ, દસ્તાવેજીકરણ અધિકારીઓ, માહિતી પૃથ્થકરણકારો વગેરે આ કક્ષા હેઠળ આવે છે. અગાઉ નિર્દેશ કર્યા મુજબ. બિન નફાકારક માહિતી મધ્યમોની અન્ય કક્ષા જેવા કે સંદર્ભ ગ્રંથપાલો અને માહિતી અધિકારીઓ કે જેઓ આધુનિક માહિતી મધ્યમો દ્વારા અપાતી થોડી/વધારે સેવાઓની ફી વસુલ કરતા નથી કારણ કે તેઓ લાંબા સમયથી પુસ્તકાલયો અને માહિતી સેવાઓ દ્વારા અપાતી પરંપરાગત સેવાઓ છે.

માહિતી મધ્યમોના ઘણાં અનૌપચારિક પ્રકારો પણ છે. જેવા કે **Invisible Collages** વિસ્તરણ કાર્યકરો, જિલ્લા વિકાસ અધિકારીઓ, સ્વાસ્થ્ય કાર્યકરો, ગ્રામ્ય, અર્ધ શહેરી અને શહેરી વિસ્તારોમાં કાર્ય કરતા સામાજિક કાર્યકરો. આ તમામ માહિતી મધ્યમોના અગત્યના પ્રકારો રચે છે. જેઓ કાં તો વ્યક્તિગત માનવો અથવા સંગઠનોના વતીથી કાર્ય કરતી વ્યક્તિઓ હોય છે.

માહિતી મધ્યમો તરીકે સ્વયં સંચાલિત બુદ્ધિમતા એજન્ટો તાજેતરના વર્ષોમાં એક અન્ય કક્ષા છે. કેટલાક માનવ સંચાલિત કમ્પ્યુટર પ્રોગ્રામ માહિતી મધ્યમોનાં કેટલાંક કાર્યો બજાવવામાં મદદરૂપ થઈ શકે. આ તમામ સ્વયં સંચાલિત બુદ્ધિમત્તા એજન્ટોને સહયોગી માહિતી જાણકારો અને નિષ્ણાતો અથવા જ્ઞાન આધારિત પધ્ધતિઓ તરીકે વર્ગીકૃત કરાય છે. તેઓ ઝડપથી વધી રહેલ માહિતીના વીજાણુ સ્રોતમાં બુદ્ધિપૂર્વક પ્રવેશ મેળવવા માટે કેટલાક ઉત્પાદક ઉકેલોનું ઉત્પાદન કરે છે.

### 15.4.1 માહિતી દલાલો : (Information Brokers)

'માહિતી દલાલ' એવી વ્યક્તિઓ કે પેઢીઓનો સંદર્ભ આપે છે કે જેઓ ફી વસૂલીને માહીતી સેવા પૂરી પાડે છે. માહિતી દલાલોના વિકાસ માટે મોટી પ્રેરણા એ માન્યતામાંથી ઉતરી આવી છે કે જ્ઞાન એ વ્યાપાર છે અને માહિતી એ વસ્તુ છે. આજના માહિતી દલાલોના ઘણા ઉપયોગકારો વિશિષ્ટ ગ્રંથાલયો છે. આમ છતાં, માહિતી દલાલોના સૌથી વધારે અસીલો એવી પેઢીઓ અને વ્યક્તિઓ છે જેઓની પાસે તેમનાં પોતાનાં ખાસ પુસ્તકાલયો હોતાં નથી. માહિતી દલાલો મૂળભુત રીતે ઉપલબ્ધ થતી માહિતી અને તેની જરૂરિયાતવાળા વચ્ચે કડી તરીકે કાર્ય કરતાં માહિતી સ્પષ્ટ કરતાં ગૃહો છે.

સામાન્ય રીતે માહિતી દલાલો માહિતી સેવાઓને લગતી બે પ્રકારની પ્રવૃત્તિઓ બજાવે છે. અસીલની દૈનિક માહિતી જરૂરિયાતોનું સંચાલન કરીને - સામાન્ય રીતે પ્રશ્નો કે જેમને શોધ સમય માટે બે કલાકથી ઓછા સમયની જરૂરિયાત હોય છે. તે પ્રકારની પ્રવૃતિ છે અન્ય છે. વધારે ઊંડાણમાં ધ્યાનની જરૂર હોય એવી વધારે સંકુલ પ્રવૃત્તિઓનું સંચાલન કરવું, આ બે પાયારૂપ પ્રકારો ઉપરાંત, તેઓ દ્વારા પૂરી પડાતી સેવાઓનો વ્યાપ છે. ઝડપી ટેલિફોન સર્વેક્ષણો, ભાષાંતરો, માહિતી પરામર્શ, અદ્યતન અવબોધન સેવાઓ, સાહિત્ય શોધ વાઙ્મયસૂચિઓનું સંપાદન, સંક્ષેપકરણ, હેવાલ લેખન, વિશિષ્ટ હકીકતોની ક્ષતિપૂર્તિ, અથવા કોઈપણ બિનવર્ગીકૃત સ્રોતના આંકડા, પ્રકાશિત સામગ્રીના ફોટોકોપીઓની વ્યવસ્થા વીજાણુ સ્રોતમાંથી પ્રકાશિત સામગ્રીની નકલોની વ્યવસ્થા વગેરે.

માહિતી દલાલોની સેવાઓ સંગઠનોના વિસ્તૃત વૈવિધ્યો દ્વારા પ્રાપ્ત કરાય છે. દા.ત. ઉદ્યોગ ગૃહ સંગઠનો, ઉદ્યોગોની વિવિધ કક્ષાએ, જાહેરાત એજન્સીઓ, પ્રકાશકો, માધ્યમ ગૃહો વગેરે

માહિતી દલાલોએ તેમની ભૂમિકા અસરકારક રીતે અને કાર્યક્ષમ રીતે બજાવવા માટે અમુક લાક્ષણિકતાઓ ધરાવવી જોઈએ. એલીસ જહોન્સ (1991) ના મત મુજબ આવી લાક્ષણિકતાઓ છે.

- માહિતીની શક્તિને સમજવી
- અસીલની વાસ્તવિક જરૂરિયાતોને સમજવાની શક્તિ, જરૂર રીતે એ નહીં કે જેમનું વિધાન કરાયું છે.
- મુલાકાત લેવાનું, શ્રવણ કરવાનું, પ્રત્યાયન કરવાનું કૌશલ્ય.
- નવી પરિસ્થિતિઓ સાથે અનુકુલન
- સંકલ્પનાઓ અને વસ્તુઓ અથવા ચીજોની ગોઠવણી કરવાની શક્તિ
- માહિતીની પુનઃ બાંધણી કરવી, જોડવું, અર્થગ્રહણ કરવું અને પૃથ્થકરણ કરવાની શક્તિ
- બિન પુસ્તકાલય અભિસ્થાપિત કર્મચારીઓ સાથે કામ કરવાની અને તાલીમ આપવાની શક્તિ

- વહીવટી શક્તિ અને વ્યાપારી વિશેષજ્ઞ જાત
- સંશોધન અનુભવ
- માહિતી સંગ્રહો અને ઇન્ટરનેટ/ઇન્ટરનેટ સ્રોતો માટે આંતરક્રિયા કરવાની શક્તિ
- સ્વતંત્ર રીતે કામ કરવાની શક્તિ
- ઉદ્યોગ સાહસિકતા કૌશલ્યો

માહિતી દલાલોની કક્ષાઓ વર્ગો (Categories of Information Brokers)

♦ માહિતી દલાલો સામાન્ય રીતે બે પ્રકારોમાં વર્ગીકૃત કરાય છે.

1. સ્વતંત્ર માહિતી દલાલો કે જેમની આવકનો મુખ્ય સ્રોત માહિતી સેવાઓ વેચીને છે. ઘણા માહિતી ઉદ્યોગ સાહસિકો, માહિતી પરામર્શકો અને સ્વચ્છંદ (નિરંકુશ) ગ્રંથપાલોનો આ જૂથમાં સમાવેશ કરી શકાય.
2. જાહેર ક્ષેત્ર અથવા બિન નફાકારક સંસ્થાઓમાં સામાન્ય રીતે સંગઠનો કે સંસ્થાઓ સાથે સંલગ્ન ફી (શૂલ્ક) આધારિત સેવાઓ પૂરી પડાતી કેટલીક સેવાઓ નિઃશુલ્ક હોય છે. કેટલીક સેવાઓ જેવી કે સર્ચિંગ, વાઙ્મયસૂચિઓનું સંપાદન, દસ્તાવેજ વિતરણ, ફોટોકોપી કરવાની ફી વસુલ કરાય છે અને ઘણીવાર તે સહાયકી દરોએ હોય છે. દાખલા તરીકે (NICAIR ન્યુ દિલ્હી (National Institution of Science Communicatopn and Information Resources) ની માહિતી સેવાઓ આ કક્ષા/શ્રેણીમાં આવે છે.

### 15.4.2 માહિતી પરામર્શકો (Information Consultants)

પરામર્શકો વિશેષજ્ઞો હોય છે જેઓ નિષ્ણાત સલાહ આપે છે. મૂળભૂત રીતે તેમનું કાર્ય અસીલના વતી ટેક્નોલોજીનું મૂલ્યાંકન કરવાનું અને સમીક્ષા કરવાનું, તેમના વિશિષ્ટીકરણના તેમના ક્ષેત્રને લગતી બાબતો પર સલાહ આપવાની બાબતોનો સમાવેશ કરે છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં, પરામર્શકો ઉત્પાદન વિકાસ, પ્રક્રિયા વિકાસ, સંસ્થાકીય સ્રોતોનું પરિનિયોજન (ફેલાવો) સંસ્થાકીય જ્ઞાનનું દસ્તાવેજીકરણ, નિકાસ, આયાત વગેરે પર સલાહ અને માહિતી પૂરી પાડવાની મહત્વની ભૂમિકા ભજવે છે. પરામર્શકો અને પરામર્શ સેવાઓની અગત્ય ખાસ સમસ્યાઓ માટે ઉકેલો અથવા ચાવીરૂપ ઉકેલો માટે ઘણાં વ્યાપારી, સામાજિક અને વિજ્ઞાન અને વિકાસ કાર્યો માટે અનુભવાય છે. ભારતમાં, અસંખ્ય પરામર્શ સંગઠનો પ્રવૃતિઓના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. દાખલા તરીકે (Price Water house coopers, Tata Consultancy Services Ernest & Young Arthur Anderson, KMPG, McKinsey, Anderson Consulting વગેરે જેઓ વિવિધ શાખાઓ મુખ્ય હિસાબ તપાસ, હિસાબ યોજના વ્યવસ્થાપન, ICT ઉકેલ વિકાસ સંગઠનીય અસરકારકતા માપન, સંગઠીનય સક્ષમતા વૃદ્ધિ ગુણવત્તા વ્યવસ્થાપન વગેરેની સંમતિમાં અસંખ્ય વ્યાવસાયિકોને કાર્ય કરવા રોકે છે.

ભારતમાં અસંખ્ય માહિતી પરામર્શ પેઢીઓ પણ છે. જેઓ વિવિધ સંગઠનો અને સંસ્થાઓ મુખ્યત્વે સરકારી અને અર્ધ સરકારી ક્ષેત્રોમાં હાર્દરૂપે પુસ્તકાલય અને માહિતી સંબંધી કાર્યોમાં રોકાયેલ છે. આ પેઢીઓ પુસ્તકાલય સ્વયં સંચાલન, પશ્ચાદ્‌વર્તી વાઙ્મય સૂચિ નોંધનું પરિવર્તન અને યોજના આધારે વિષયવસ્તુ (અંક આલેખન) જેવાં કાર્યો માટે ઉકેલો પૂરા પાડે છે.

'માહિતી પરામર્શક' એ પુસ્તકાલય અને માહિતી કેન્દ્રોની જાળવણી, પુસ્તકાલય અને માહિતી કેન્દ્ર રચના, પુસ્તકાલય વેબસાઈટનું વિષયવસ્તુ વ્યવસ્થાપન, નોંધણી વ્યવસ્થાપન, હાર્ડવેર અને સોફ્ટવેર પસંદગી અને તાલીમ, સંગઠવીય ફેરફાર વ્યવસ્થાપન યોજના વ્યવસ્થાપન વિષયવસ્તુ અંક આલેખન વગેરેનો સમાવેશ કરતી વિવિધ પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ એવા લોકો અથવા પેઢીઓ માટે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. પરામર્શકોનો નફાકારક પુસ્તકાલય સેવાઓ જેવી કે સૂચિપત્રો બનાવવા અને વિકાસ સંગ્રહ જેવી કે પુસ્તકસૂચિ બનાવવી, સંક્ષેપકરણ કરવું વગેરે તરીકે ઉલ્લેખ કરી શકાય છે. ભૂતપૂર્વ (INSDOC ( **હાલ** NISCAIR) આવી વિવિધ સેવાઓ જેવી કે પુસ્તકાલય અને માહિતી કેન્દ્ર રચના, પુસ્તકાલય અને દસ્તાવેજીકરણ કેન્દ્રની જાળવણી (દા.ત. **(FRI DHANBAD)** હાર્ડવેર અને સોફ્ટવેર પસંદગી (દા.ત. Delhi Stock Exchange), નોંધણી વ્યવસ્થાપન વગેરે પૂરાં પાડતી.

માહિતી પરામર્શકોના કેટલાક હેતુઓ તેમની અગત્યના ક્રમમાં સારરૂપે અપાયા છે.

- જરૂરી માહિતી પૂરી પાડવી
- આપેલ સમસ્યાનો ઉકેલ પૂરો પાડવો
- નિદાન કરવું કે જે સમસ્યાને પુનઃ વ્યાખ્યાયિત કરે
- ભલામણો પૂરી પાડવી
- અમલીકરણમાં મદદ કરવી
- સર્વસંમતિ અને નિષ્ઠાનું ઘડતર કરવું
- અસીલ શિક્ષણને સરળ બનાવવું
- સંગઠનીય અસરકારકતાને સુધારવી

માહિતી દલાલો અને માહિતી પરામર્શકો વચ્ચે પાયાનો તફાવત છે કે દલાલો માંગણી આધારે માહિતી પૂરી પાડે છે. જ્યારે પરામર્શકો માહિતીનું શું કરવું અને કેવી રીતે કરવું તે કહે ચે. પરામર્શકતો ઉપયોગ કરવામાં કારણો અલગ હોય પરંતુ તેમને ચાર સામાન્ય શીર્ષકો હેઠળ સારરૂપ કરી શકાય તેઓ છે :

1. **રાજકીય કારણો :** વસ્તુલક્ષી સ્વતંત્ર સલાહ પૂરી પાડવી.
2. **અર્થ વ્યવસ્થા કારણ :** પરામર્શકો ખૂબ જ મૂલ્ય - અસરકારક (કરકસરયુક્ત) હોય છે. પરિવર્તનનું અસરકારક રીતે અમલીકરણ કહીને પૈસા બનાવે છે.
3. **ટેક્નિકલ કારણો :** એવા વ્યવસાયો માટે કે જે વદારે સંકુલ બની રહ્યા છે. અને કુશળ માનવબળ ઘણીવાર ઓછા પૂરવઠામાં હોય છે.
4. **સુલભતા/સગવડતા :** રોજગાર કાયદો ઓછા સમયના આધાર પર કર્મચારીઓને રોજગાર આપવાનું કઠીન બનાવે છે.

કોઈપણ અન્ય વ્યવસ્થાપનની જેમ, માહિતી પરામર્શકો પાસે તેમનાં પોતાના અદ્વિતીય સાધનોનો સેટ (જથ્થો) હોય છે. દા.ત. વીજાણુ ટપાલ, સ્થાનિક વિસ્તાર માળખુ, સંદર્ભ ગ્રંથો, સોફ્ટવેર અને વિષય વિશેષજ્ઞો વગેરે. પરામર્શકો તેમનું કાર્ય આ સાધનોની મદદ વડે કરાવે છે. વિશિષ્ટતાયુક્ત સાધન, પ્રયુક્તિ અને શૈલીની ખાસ રૂપરેખા અને જોડાણથી તેમના કાર્યને પૂર્ણ કરાવાય છે. ઘણીવાર પરાનર્શકો તેમનું કાર્ય પેટા-કરાર કરીને કરાવે છે. માહિતી અને પ્રત્યાયન ટેક્નોલોજીમાં વિકાસ (ICT) એ માહિતી પરામર્શ વ્યવસાયના તાજેતરના અને ઝડપી વિકાસ માટે પ્રત્યક્ષરીતે જવાબદાર છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

4. માહિતી દલાલો અને માહિતી પરામર્શકો વચ્ચેનો તફાવત દર્શાવો.

નોંધ : 1. નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે ઉત્તરો સરખાવો.

.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................
.................................................................................

### 15.4.3 ઓન લાઇન વિક્રેતાઓ (Online Vendors)

વિસ્તારો કે જેમાં માહિતી માધ્યમો તાજેતરનાં વર્ષોમાં વધારે વિકસિત/સમૃદ્ધ થયા છે. તે કમ્પ્યુટર આધારિત માહિતી ક્ષતિપૂર્તિ સેવાઓમાં છે. ઘણાં વિશિષ્ટ પુસ્તકાલયો અને માહિતી એકમો તેમનાં પ્રશ્નોમાં મદદ કરવા માટે બાહ્ય શોધ સેવાનો ઉપયોગ કરે છે. મુખ્ય વાણીજ્ય સેવાઓ કેટલીકવાર જે યજમાનો અને વિક્રેતાઓ કહેવાય છે તે વિવિધ સમર્પિત દૂરદર્શન માળખા જેવા કે (Tymnet, Telenet વગેરે મારફતે ઓનલાઇન પ્રવેશગમ્ય બને છે. આ વિક્રેતાઓ તેમના દ્વારા પ્રક્રિયા કરેલ વિવિધ માહિતી સંગ્રહો પ્રવેશ કરવાની સુવિધા પૂરી પાડે છે. કેટલાક પ્રખ્યાત વિક્રેતાઓ છે. : (DIALOG અને BRS - અમેરિકામાં, ઈંગ્લેન્ડમાં (BLAISE અને (ESA-IRS ભારતમાં પણ ઈન્ફર્મેટીક્સ જેવાં સંગઠનો આવી સેવા પૂરી પાડે છે. એવાં સંગઠનો છે કે જેમનું કાર્ય ઓન લાઇન કમ્પ્યુટર સુવિધા અને વિશિષ્ટતાકૃત સોફટવેર તેમના ઉપયોગકારોને આપવાનું છે અને આથી માધ્યમો તરીકેનું કાર્ય પરંતુ વિક્રેતાઓની ઓનલાઇન સેવાઓ વૃદ્ધિ પછી મહત્વની રીતે બદલાઈ છે. ઇન્ટરનેટ વાઙ્મયસૂચિ અને પૂર્ણ ગ્રંથ માહિતી સંગ્રહકો કે જેઓને સરળતાથી સર્ચ કરી શકાય, ખેડાણ કરી શકાય અને ક્ષતિપૂર્તિ કરી શકાય એવા પ્રવાશની ઓછા મૂલ્યની પદ્ધતિ આપે છે. આમ, હવે ઓન લાઇન વિક્રેતા, મૃતપ્રાપ્ય જાતિ બન્યું છે અને આ પેઢીઓએ સમર્પિત, દૂરદર્શન માળખાઓને બદલે ઇન્ટરનેટ દ્વારા તેમની સેવાની વિતરણ પધ્ધતિ બદલી છે.

### 15.4.4 ટેકનોલોજીકલ ગેટકીપર્સ (Technological Gatekeepers)

વૈજ્ઞાનિકો, સંશોધન કાર્યકરો અને વ્યવસ્થાપન નિષ્ણાતો પ્રત્યાયનની ઔપચારિક માર્ગ (માધ્યમ) દ્વારા માહિતી શોધે છે. સંશોધનના ક્ષેત્રમાં, અનૌપચારિક માહિતીના માધ્યમો છે. જેવા કે વ્યક્તિગત સંપર્કો, સમકક્ષ શ્રેણી જૂથ વિનિમય કે જેઓ સામાન્ય રીતે ઔપચારિક માધ્યમો દ્વારા પ્રવેશગમ્ય ન હોય એવી મહત્વની માહિતી શોધવા જણાય છે. સંપર્ક કરાય ચે આ માદ્યમો પૈકી એક (Technological Gatekeeper) મારફતે છે.

(Technological Gatekeepers) એ છે કે જેમનો માહિતી માટે તેમના સહકાર્યકરો દ્વારા સામાન્ય રીતે પરામર્શ કરાય છે અને જેઓ કોઈપણ સંગઠન, સંસ્થાના આંતરિક ઉપયોગકારો અને માહિતીનાં બાહ્ય સ્રોતો વચ્ચે કડી તરીકે કાર્ય કરે છે. આ પરામર્શ પ્રથમ પગલા તરીકે બને છે. જો કે તપાસ કરનારાઓ માટે અન્ય વિસ્તૃત માર્ગો પણ ઉપલબ્ધ છે. એલન (1968) એ તેમને (Gatekeepers એવું નામ આપ્યું કારણ કે તેઓ અન્ય માટે માહિતીનો દરવાજો ખોલે છે.

આ જૂથ માહિતી સેવાઓનો વિસ્તૃત ઉપયોગ કરે છે અને તેને બાહ્ય સુવિકસિત સંપર્કો હોય છે. માહિતી તાત્કાલિકતા વધી રહી છે એટલે કે ઉપયોગકારોને માહિતીનો વધારે સમયસર પ્રવેશની જરૂર હોય છે. ઉપરાંત, જ્ઞાનની શાખાઓની વિવિધતાનો પ્રવાહ છે. જે રસનાં આંકડાક્ષેત્રોની સંખ્યા વધારે છે. આ તમામ માહિતીના અતિક્રમી વૃધ્ધિમાં પરિણમ્યાં છે. Technological Gatekeepers નું કાર્ય માહિતી એકત્ર અને પુન: બાંધમી કરી અને તેને સંગઠનોનાં સંશોધકોને પુરી પાડવાનું છે. Gatekeepers નું કાર્ય આમ છતાં, માહિતીના આંતર પ્રવાહ પૂરતું મર્યાદિત નથી તેઓ માહિતીના બાહ્ય પ્રવાહ સાથે પણ સંબંધિત છે કે જે (માહિતી) ઉત્પન્ન કરાય છે. Gate Keepers ના લક્ષણો છે કે તેઓ સુમાહિતગાર હોય છે અને તેમના ક્ષેત્રોમાં વિશિષ્ટે અને અદ્યતન માહિતી હોય છે.

(Technological Gatekeepers એ Invisible Collages થી અલગ છે. Invisible Collage વિવિધ સંસ્થાઓમાં વ્યક્તિઓ વચ્ચે માહિતીના પ્રવાહ સાથે સંબંધિત છે, જ્યારે ગેટકિપર્સ સંસ્થામાં માહિતીના પ્રવાહ સાથે સંબંધિત છે. ગેટકિપર્સની ભૂમિકા ઇન્ટરનેટ કાર્ય અને પ્રવેશ માર્ગોના આ યુગમાં અને માહિતીના ક્ષેત્રમાં આમૂલ પરિવર્તનો સાથે વિસ્તૃત થઈ રહ્યાં છે. કોઈપણ સંશોધન અને વિકાસ સંગઠન માટે ત્યાં કાર્ય કરતા સંશોધકો દ્વારા તમામ માહિતી પ્રાપ્ત કરવાનું શક્ય નથી. આમ, ગેટકીપર્સ ની નિમણૂક કરાય છે જે સંસ્થા અને માહિતીના સ્રોતો વચ્ચે સંપર્ક અધિકારી તરીકે કામ કરે છે.

### 15.4.5 ઇનવાઇઝેબલ કૉલેજીસ (Invisible Collages)

Invisible Collages એ માહિતી માધ્યમોનમું બિનનફાદારી અન્ય સ્વરૂપ છે. Invisible Collage માં વ્યક્તિઓનું જૂથ અનૌપચારિક રીતે માહિતી અને વિચારોના વિનિમય માટે જૂથ રચે છે. તે વ્યક્તિઓનું નાનુ જૂથ છે કે સમાજલક્ષી ધ્વનિ ક્ષેત્રમાં માટે સૂર અને કાર્યસૂચિ પર પ્રભાવી બને છે અને તે ગોઠવે છે. આવા ભદ્ર જૂથો સરકારો, કૃષિ, ઉત્પાદન, વાણિજ્ય અને વ્યાપારી સાહસોમાં

સાર્વત્રિક રીતે જોવા મળે છે. Invisible Collages એ ઔપચારિક જૂથ અથવા અનૌપચારિક જૂથ હોય જ્યાં સભ્ય સમાજો તેમના વિશેષસમત અને વિષય જ્ઞાનને વહેંચે છે. તેઓ અભ્યાસ સમાજ ઘડીને વિવિધ શાખાઓમાં પણ જોવા મળે છે. Invisible Collages માહિતી માધ્યમો તરીકે ખૂબ જ મદદરૂપ છે કારણ કે તેઓ સંશોધનના અવલોકનો અને નવા વિકાસ અંગે સુમાહિતગાર હોય છે કેટલીકવાર આ જૂથો Listserv અથવા અન્ય ઇન્ટરનેટ આધારિત પધ્ધતિ મારફતે તેમના સભ્ય સમાજ સાથે પ્રત્યાયન કરે છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો**

5. ઓનલાઈન વિક્રેતાઓના શક્ય ભાવિની ચર્ચા કરો.

**નોંધ :** 1. નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો

2. એકમના અંતે આપેલી ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

### 15.4.6 ઇન્ફોર્મેશન ફીલ્ટર્સ (Information Filters)

ઉપયોગકારો દ્વારા સામનો કરાતી મુખ્ય સમસ્યાઓ પૈકી એક છે. માહિતીનો અધિક ભાર, માહિતી સંગ્રહોના સર્ચ માટે અથવા ઇન્ટરનેટ સર્ચ માટે પણ અસંખ્ય સંદર્ભોની ક્ષતિપૂર્તિ કરાય છે. વિશાળ સંખ્યામાં સંદર્ભોની ક્ષતિપૂર્તિ કરાયામાંથી (સંદર્ભિત) સંદર્ભો તારવવા કઠીન બને છે. સ્વાભાવિક રીતે આ સમસ્યાને સંબંધિત રીતે આ સમસ્યાને સંબંધિત સંદર્ભો ઈષ્ટ/શ્રેષ્ઠ સંખ્યાએ પહોચવા માટે માટે ગાળવાની પ્રક્રિયાની જરૂર પડે છે. આમ છતાં માહિતી ગાળવાની પ્રક્રિયા એ માહિતી શોધ અને ક્ષતિપૂર્તિ માટે નવી પ્રક્રિયા નથી. સંબંધિત સંદર્ભો સુધી પહોંચવા માટે Booloan logic, IR પર્યાય શબ્દકોશો, વિચ્છેદનો અને આવાં અન્યનો ઉપયોગ કરીને શોધનો સંક્ષેપ કરવા ઘણી પ્રયુક્તિઓ વિકસાવાઈ છે. આ કાર્યો પરંપરાગત પુસ્તકાલયો અથવા માહિતી અધિકારીઓ જેવા મધ્યસ્થીઓ દ્વારા બજાવવામાં આવતા. સ્વાભાવિક રીતે જેઓ આ કાર્યો બજાવતા તેઓ પાસે માહિતી શોધમાં જરૂરી વિષય વિશેષ5 મત હોવો જોઈએ. આ રીતે, આ માધ્યમો માહિતી અધિભારની સમસ્યા પાર પાડીને કડી તરીકે સેવા બજાવે છે. આ પ્રક્રિયામાં, સંભવિત માહિતી સ્રોતોને ઉપયોગકારોના ધ્યાન પર લવાય છે. જેઓની ઉપયોગકારો દ્વારા ઉપેક્ષા કરાતી, આ ગાળણી પ્રક્રિયા માનવીય રીતે અથવા વીજાણુય રીતે બજાવાય છે.

કમ્પ્યુટર આધારિત પધ્ધતિઓમાં Filters વેબસાઈટની બિનજરૂરી વિગતો જેવી કે નશાકારક દવાઓનો ઉલ્લેખ, હિંસા અથવા જાતિવાદને પ્રવેશમાંથી અવરોધી અથવા પ્રતિબંધિત કરી શકાતાં. બીજી બાજુએ Filters ઉપયોગકારની જાણીતી પસંદગીઓમાં વસ્તુલક્ષી શોધ પરિણામો ઉત્પન્ન કરવા ઉપયોગમાં લઈ શકાતાં એવાં સૉફ્ટવૅર છે કે Fitering જે ગાળણી પ્રક્રિયાના સરળીકરણ માટે વિકસાવાયાં છે. આની Filtering Software પરના વિભાગમાં વિગતવાર ચર્ચા કરાઈ છે.

### 15.4.7 વિસ્તરણ કાર્યકરો, સહતબીબી વ્યાવસાયિકો, જિલ્લા વિકાસ અધિકારીઓ વગેરે (Extension workers, Paramedical Professionals, Block Development Officers etc.)

ભારતીય પરિપ્રેક્ષ્યમાં, વિસ્તરણ કાર્યકરો, સામાજિક કાર્યકરો, જિલ્લા વિકાસ અધિકારીઓ - આ તમામ ગ્રામ્ય, અર્ધ-શહેરી અને શહેરી વિસ્તારોમાં માહિતી તબદીલી પ્રક્રિયામાં અગત્યની ભૂમિકા ભજવે છે.

વિસ્તરણ કાર્યકરનું કાર્ય ગામડાઓ અને નગરોમાં ઉપયોગકારોની જરૂરિયાત અને કક્ષા મુજબ માહિતી એકત્ર કરવી, જોડવી અને પુનઃ બાંધણી કરવાનું છે. કૃષિમાં ઉત્પાદકતા સિધ્ધ કરવા મદદ કરવા કૃષિ

માહિતી સ્રોત તરીકે

માહિતી મધ્યસ્થીઓ

Information Intermediaries as Sources of Information

ટેક્નોલોજીની ઝડપી તબદીલીની ખાતરી કરવા ભારતમાં સઘન કૃષિ વિસ્તરણ સેવા દાખલ કરાઈ છે. સંશોધન વૈજ્ઞાનિકો દ્વારા વિસ્તરણ કાર્યકરોને અદ્યતન જ્ઞાનમાં તાલીમ અપાય છે. તેઓ આ જાણકારી ખેડૂતોને તબદીલ કરે છે, વિસ્તરણ કાર્યકરો કૃષિની વિવિધ બાબતોમાં ખેડૂતો દ્વારા સામનો કરાતી સમસ્યાઓને સંબંધિત માહિતી પણ પૂરી પાડે છે જેના આધારે આગળ સંશોધન થાય છે. આ રીતે, તેઓ ખેડૂત અને વૈજ્ઞાનિકો વચ્ચે બે માર્ગી પ્રત્યાયન પૂરું પાડે છે. માહિતી કર્મચારીઓનો સાક્ષરતાની ટકાવારી નીચી છે.

સહતબીબી વ્યાવસાયિકો જેવા કે દાયણો, જિલ્લા વિસ્તરણ શિક્ષણો, પરિવાર નિયોજન ક્ષેત્ર કાર્યકરો, સમાજ સ્વાસ્થ્ય કાર્યકરો વગેરે ગ્રામ્ય અને અર્ધ શહેરી વિસ્તારોમા માહિતી માધ્યમોની અન્ય કક્ષા રચે છે. તેમનું મુખ્ય લક્ષ્ય તંદુરસ્તી આરોગ્ય, પરિવાર કલ્યાણ ઉપાયો વગેરે લગતી ગ્રામ્યવાસીઓ અને શહેરીજનોને તબીબી માહિતી પૂરી પાડવાનું છે.

એજ રીતે, જિલ્લા વિકાસ અધિકારીઓને પણ તેઓ જેની સાથે સંબંધિત હોય તે ખાસ જિલ્લામાં માહિતી માધ્યમો તરીકે અગત્યની ભૂમિકા ભજવવાની હોય છે. BDOC જિલ્લા વિકાસ અધિકારી સરકાર અને સ્થાનિક સંસ્થા પંચાયત વચ્ચે સંપર્કકાર તરીકે કાર્ય કરે છે. સામાજિક વિકાસ પર સરકારની અસંખ્ય યોજનાઓ અને કાર્યક્રમો BDO દ્વારા અલ્પ અધિકાર પ્રાપ્ત નાગરિકોને આખરે વિપરીત કરાય છે. (ચૂકવણું અદા થાય છે.)

BDO ને આવી યોજનાઓ અને કાર્યક્રમોની ઉપલબ્ધતા વિશે સંબંધિત નાગરિકોને શિક્ષિત કરવાની અને જાણ કરવાની જવાબદારી હોય છે. અસંખ્ય બિન સરકારી સંગઠનો સમાજ વિકાસ આવક ઉત્પાદન, ગરીબી ઉન્મૂલન અને નિરક્ષરતા નિવારણ પરત્વે સમગ્ર ભારતમાં કાર્ય કરી રહ્યા છે. માહિતી માધ્યમો તરીકે, તેમને સંબંધી વિવિધ સામાજિક અને આર્થિક મુદ્દાઓ પર, સમૂહ (પ્રજા) ને શિક્ષિત કરવા અને માહિતી આપવાની ભૂમિકા ભજવે છે.

## 15.5 ICT અને માહિતી માધ્યમો (ICT And Information Intermediaries)

The Information Communication Technologies (ICTS) ઉપયોગકારોની વિવિધ શ્રેણીઓને વિવિધ સ્રોતોમાંથી માહિતીના સંગ્રહ અને પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવે છે. માહિતી સમગ્ર વિશ્વમાં અસંખ્ય દસ્તાવેજી સ્રોતો અને માહિતી સંગ્રહો પર વિખરાયેલી છે. બીજી બાજુ, ઇન્ટરનેટ એ અમૂલ્ય માહિતીનો સ્રોત તરીકે ગણાય છે. પુસ્તકાલયો અને માહિતી કેન્દ્રો વિવિધ હેતુઓ માટે ICT સાધનો અને વિનિયોગોનો ઉપયોગ કરે છે. પ્રાથમિક દ્વૈતિયક કે તૃતીય સાહિત્યમાંથી વિવિધ માહિતીના સ્રોતો કાંતો ઇન્ટરનેટ મારફતે અથવા ઓનલાઇન વીજાણુ મારફતે અત્યારે વીજાણુય રીતે ઉપલબ્ધ છે. માહિતીના આ વીજાણુ સ્રોતોના ઉત્પાદકો વિવિધ અભિગમો મારફતે માહિતી પ્રવેશ માટે વિકસિત લક્ષણો પૂરાં પાડે છે. કે જેથી ક્ષતિપૂર્તિ સંતોષકારક કક્ષાએ હોઈ શકે. ઓન લાઇન વીજાણુ માહિતી સ્રોતોમાંથી સૌથી વધારે ઉપયોગી માહિતી મેળવવી એ સૌથી જટિલ પ્રક્રિયા છે કારણ કે તેને વ્યક્તિઓની જરૂરિયાતો અને પસંદગીઓ સાથે તાલમેલવાળી પરિસ્કૃત ક્ષતિપૂર્તિ ક્ષમતાઓની જરૂર પડે છે. ઘણીવાર ઉપયોગકર્તાઓ સર્ચ સેવાઓમાંથી બિનજરૂરી અને અસંબંધ માહિતી મેળવે છે. સાહિત્યનો અતિક્રમી વિકાસ એ ઉપયોગકાર માટે અન્ય ડર છે. ઉપયોગકારોને માહિતીના વિશાળ સ્રોતોમાંથી કેટલીક ચોક્કસ માહિતી અને દસ્તાવેજો મેળવવાની ઈચ્છા હોય છે. કેટલાક વિષય- વિશિષ્ટ ઈન્ફોર્મેશન ગેટવેઈઝ (માહિતી પ્રવેશદ્વારો) એકલ જોડાણ મારફતે માહિતીના સઘન ભાગમાં પ્રવેશ કરવા કેટલાક વિષય વિસ્તારોમાં સંશોધન અને શૈક્ષણિક સંસ્થાઓમાં સહકારી સંગઠનો દ્વારા સ્થપાયા છે. તાજેતરનાં વર્ષોમાં કેટલાક સ્વયં સંચાલિત માહિતી માધ્યમો રૂપાતંરિત અથવા વ્યક્તિલક્ષી માહિતી સેવાઓની જરૂરિયાતને ઉકેલ તરીકે ઉદ્ભવી છે. માહિતી માધ્યમોનો આ પ્રકાર વિષય નિષ્ણાતો સાથે પરામર્શમાં કમ્પ્યુટર પ્રોગ્રામરો દ્વારા વિકસાવાઈ છે. આ વિષય નિષ્ણાતોને Inteligent Agents (બુદ્ધિમંત એજન્ટો) કહી શકાય છે. કેટલાક લોકપ્રિય સ્વયં સંચાલિત માહિતી માધ્યમો સર્ચ એન્જિન્સ, ફીલ્ટરીંગ સોફટવેર નિષ્ણાત અને જ્ઞાન આધારિત પધ્ધતિઓ અને વીજાણુ દલાલી (Brokerage) છે.

### 15.5.1 મધ્યવર્તી કાર્યોમાં ઇન્ટરનેટની ભૂમિકા (Role of Internet in Intermediary Functions)

ઇન્ટરનેટ એ માહિતીના વિશાળ અને હૈયાઉકલત વાળો સ્રોત છે જે વિવિધ સ્વરૂપોમાં માહિતીના

વિવિધ પ્રકારો પૂરા પાડે છે. ઇન્ટરનેટ સ્રોતો વેબસાઈટ, વેબ પેઈઝીસ અને વેબ પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે. વાણીજ્યીક અને બિન વાણીજ્યીક તથા કેટલાક લોકો આ ઇન્ટરનેટ સ્રોતોને જાળવી રાખે છે. હાઈપર લીન્ક (અધિક જોડાણ) મારફતે એક ઇન્ટરનેટ સ્રોતને બીજા ઇન્ટરનેટ સ્રોત સાથે જોડી શકાય છે. હાયપરલીન્ક સંબંધિત માહિતી મેળવવા માટે ઇન્ટરનેટ ઉપયોગકારોને એક સ્રોતથી બીજા સ્રોત તરફ ખેડાણ કરવા (જવા માટે) શક્તિમાન બનાવે છે પરંતુ ઇન્ટરનેટ મારફતે યોગ્ય માહિતીને પ્રવેશ મેળવવો એ એક જટિલ પ્રક્રિયા છે જેને ઇન્ટરનેટ સર્ચ એન્જિનની સેવાઓની પ્રક્રિયા છે. જેને ઇન્ટરનેટ સર્ચ એન્જિન એક સુવિધાકાર છે જે સાયબરસ્પેસમાં ઉપલબ્ધ માહિતીના વિસ્તૃત સ્રોતોને સર્ચ સુવિધાઓ પૂરી પાડે છે. ઇન્ટરનેટ સર્ચ એન્જિન એક વેબસાઈટ છે જે અન્ય વેબસાઈટોના માહિતી સંગ્રહોની નિર્દેશિકા જાળવી રાખે છે. તે એક એવી સેવા છે જે વેબસાઈટોની સૂચિ તૈયાર કરે છે. ગોઠવણી કરે છે. અને અવાર નવાર તેનું મૂલ્યાકંન અને સમીક્ષા કરે છે તે ઉપયોગકારોને તેમને સંબંધિત હોય એવી આવશ્યક માહિતી શોધવામાં મદદ કરે છે. તે નોંધાયેલ સર્ચ પ્રશ્ન માટે થોડી સેકડો કે મિનિટોમાં કરોડો વેબ દસ્તાવેજો ઝડપથી શોધે છે. વાણીજ્યીક ટેકો ધરાવતાં જાણીતાં સર્ચ એન્જિન વધારે આધારભૂત પરિણામે ઉત્પન્ન કરે છે. આ સર્ચ એન્જિનોને વિકસતી વેબ પેજીસની સાથે તાલમેલ સાધવા નિયમિત રીતે જાળવવામાં આવે છે અને ઉર્ધ્વ વિકસીત કરવામાં આવે છે. યાહુ..! સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચનાર પ્રથમ વેબ સર્ચ એન્જિન હતું.

હાલ, ગુગલ, યાહુ અને બીજાં થોડા ઇન્ટરનેટ સર્ચ એન્જિનનાં આંતરરાષ્ટ્રીય બજારની ઉપર હાવી થઈ રહ્યાં છે. (પ્રભાવી થઈ રહ્યાં છે) ગુગલ અને યાહુ સર્ચ એન્જિનને શક્તિશાળી શોધ ક્ષમતાઓ છે અને તેઓ પરસ્પર સંમતિ સાથે અન્ય સર્ચ એન્જિનો સુધી તેમની સર્ચ ક્ષમતાઓને વિસ્તારે છે. કેટલાક દેશ વિશિષ્ટ સર્ચ એન્જિનો પણ અસ્તિત્વ ધરાવે છે. ભારતનું (The National Information Centre (NIC) સરકારી વિભાગો, સંસ્થાઓ, કાર્યક્રમો અને દસ્તાવેજો માટે વેબ નિર્દેશિકાઓ જાળવી રાખે છે કે જેને તેની વેબસાઈટ <http://goichirectory.nic.in> મારફતે સર્ચ કરી શકાય છે. કેટલાંક સર્ચ દસ્તાવેજો જેવા કે લેખો, સમાચાર, સંગીત, ચલચિત્રો વગેરે માટે શક્તિશાળી હોય છે. ગુગલનું Scholar અભ્યાસ પ્રત્યાયનો જેવા કે સામયિક લેખો, પરિષદ લેખો અને સંશોધન હેવાલોમાંથી સર્ચ પરિણામો ઉત્પન્ન કરી શકે છે. એ જ રીતે (Look Smart સર્ચ એન્જિનને સામયિક લેખો માટે મજબૂત પુસ્તકસૂચિઓ છે.

ઇન્ટરનેટ સર્ચ એન્જિનો મોટાભાગે વાણિજ્યીક સાહસો છે અને તેમની આવકો (મહેસૂલી આવક) મોટાભાગે જાહેરાતોમાંથી ઉત્પન્ન કરાય છે. જાહેરાતકારો કેટલીકવાર સર્ચ પરિણામોમાં ઉચ્ચતમ કક્ષા મેળવવા માટે વધારે પૈસા ચૂકવે છે. આમ, વાણિજ્યીક સર્ચ એન્જિનો કેટલીકવાર તેમના જાહેરાતકારોની તરફેણ કરતાં પક્ષપાતી પરિણામો પૂરાં પાડે છે.

જો ઇન્ટરનેટ સર્ચ એન્જિનો સ્વયં સંચાલિત માહિતી માધ્યમો છે તો કેટલાક અધિ-માધ્યમો (પશ્ચાત્ માધ્યમો) પણ છે. જેઓ માહિતી માધ્યમો વિષે માહિતી પૂરી પાડે છે. સર્ચ એન્જિન વોચ.કોમ એ અધિ-મધ્યગ છે. જે વિવિધ સર્ચ એન્જિનો વિષે માહિતી પૂરી પાડે છે.

### 15.5.2 ફીલ્ટરીંગ સૉફ્ટવેર (Filtering Software)

માહિતીના વીજાણુ રજૂઆતના આગમને માહિતી (Filtering પ્રક્રિયા વધારે સરળ બનાવી છે. વીજાણુ Filtering ના સૌથી સહેલા સ્વરૂપો પૈકી એક SDI સેવા હતું જે તેમના વિશિષ્ટકરણમાં પ્રકાશિત નવા દસ્તાવેજોથી સંશોધકો અથવા વ્યાવસાયિકોને જાણકાર રાખવાની સ્વયંસંચાલિત માર્ગ તરીકે ઘડવામાં આવી હતી. વિવિધ વેબ આધારિત માહિતી પુરવઠાકારાની Alert સેવાઓ પણ તાજેતરમાં પ્રકાશિત થયેલ સામગ્રી વિષે ઉપયોગકારોને માહિતી આપવા Filtering પ્રયુક્તિઓ અપનાવે છે.

ઇન્ટરનેટ માહિતી સ્રોતોના અતિક્રમી વિકાસને ભલામણ કરાયેલ પધ્ધતિઓ તરીકે સહકારી Filtering ગણતરી પ્રક્રિયાનો ઉપયોગ પ્રોત્સાહિત/પ્રેરિત કર્યો છે. સહયોગી Filtering સ્વયં સંચાલિત રીતે ઉપયોગકારો દ્વારા દસ્તાવેજોને અપાતી ભલામણો અથવા પ્રતિપોષણની ગણતરી કરી/વિચારીને દસ્તાવેજોની ક્ષતિપૂર્તિ કરે છે અને ગાળે છે. આવી પધ્ધતિઓ અન્ય ઉપયોગકારોને રસની બાબતોની ભલામણ કરવા વિવિધ ઉપયોગકારોની જાણીતા પસંદગીઓ વિષે જ્ઞાનનો લાભ રાખે છે. સહયોગી Filtering પધ્ધતિઓ વેબ દસ્તાવેજો, વેબ પેઈઝીસ, બહુ માધ્યમ સ્રોતો અને અન્ય બાબતો જેવી બાબતો વિષે ભલામણ કરવા જોતરાય છે. સંશોધકોએ ભલામણો ઉત્પન્ન કરવા માટે ઘણા અભિગમોની

દરખાસ્ત કરી છે અને મૂલ્યાંકન કર્યું છે. હેતુઓ માટે અસંખ્ય Filtering પધ્ધતિઓ મુક્ત રીતે ઉપલબ્ધ છે. ફીલ્ટરીંગ સ્ટોફવેરએ વીજાણુ માહિતી સ્રોતને પ્રવેશવા માટે સ્વયં સંચાલિત સાધન છે. ફીલ્ટરીંગ સોફ્ટવેર ઉપયોગકારોના સમાન જૂથમાંથી એકત્રિત કરેલ ક્રમનિર્ધારણ આધારિત માહિતી પૂરી પાડે છે. તે ઘણીવાર માહિતી સ્રોતોની સમગ્ર શ્રેણીમાંથી બિનજરૂરી અને અસંદિગ્ધ ગણતરી પ્રક્રિયાઓ હોય છે. જે કેટલાક સુધારાત્મક કાર્યો અને કેટલાક ઉપયોગકારોના સ્પષ્ટ રસો અથવા પસંદગીઓની કાળજી લે છે. કેટલીક ફીલ્ટીંગ પધ્ધતિઓ મુક્ત રીતે ઉપલબ્ધ છે. જ્યારે કેટલીક અન્ય વ્યાપારી ધોરણે ઉપલબ્ધ હોય છે.

### 15.5.3 નિષ્ણાત પધ્ધતિઓ (Expert Systems)

Expert Systems કેટલીકવાર 'જ્ઞાન આધારિત પધ્ધતિઓ' 'જ્ઞાન પધ્ધતિઓ' અથવા બુદ્ધિમંત્ર પધ્ધતિઓ કહેવાતી એ કમ્પ્યુટર કાર્યક્રમો છે જે જ્ઞાનનો દોરી સંચાર કરવા માટે ઉકેલો પ્રાપ્ત કરવા માટે વિશેષજ્ઞમત લાગુ કરે છે અને જ્ઞાનની રજૂઆત કરે છે. આ પદ્ધતિઓ ઓન લાઈન સર્ચિંગ માટે ઉપયોગી છે. હવે, મોટા ભાગની ઓન લાઈન શોધો માહિતી સંકીર્ણતા અને માવન જરૂરિયાતોની ગેરસમજની શક્યતાઓ સર્જીને માનવ માધ્યમો દ્વારા કરાય છે. ઓનલાઈન સર્ચ માધ્યમો તરીકે જ્ઞાન આધારિત પધ્ધતિઓના વિસ્તૃત સંશોધનમાં પરિણમ્યું છે. Export Systems પ્રયુએ અન્ય માહિતીના પ્રકાર જેવા કે માહિતી સંગ્રહ વ્યવસ્થાપન પધ્ધતિમાં સ્થાયી શકાય છે. સામાન્ય રીતે તેઓ તેમનાં તારણો પાછળ કારણો દર્શાવવા સક્ષમ્યતાઓ સાથે ઉપયોગકાર જોડાણ જ્ઞાન આધાર, અનુમાન એન્જિનો નો સમાવેશ કરાય છે. સમસ્યા ઉકેલ માટે જરૂરી તમામ જ્ઞાનએ જ્ઞાન આધારમાં રહેલ કાર્યાવન્તિ કરાય છે. ઈન્ફરન્સ એન્જિન જ્ઞાન આધારમાં રહેલ જ્ઞાનને લાગુ પડે છે. સર્ચ પ્રક્રિયાના બુદ્ધિમંત ઘટકો હેઠળ રહેલાં જ્ઞાન અને કૌશલ્યોની સમજ નિષ્ણાત મધ્યમ પધ્ધતિ સર્જન કરવા માટે આવશ્યક છે. 1970 ના દાયકાના પાછળ ભાગથી પ્રોટોટાઈપ એક્સપર્ટ માધ્યમોનું ઘડતર કરાયું છે અને વિકસાવાયાં છે જેઓ વિવિધ કાર્યો બજાવે છે.

(એ) **Search Advisors** : આ નિષ્ણાત મધ્યવર્તી પધ્ધતિઓ છે જે ઉપયોગકારોને સલાહ આપવાનું કે મદદ કરવાનું લક્ષ રાખતા નથી પણ તેમને ઓન લાઈન સર્ચિંગ માટે તાલીમ પણ આપે છે.

(બી) **Intelligent Front Ends** : નિષ્ણાત માધ્યમો કે જે ઓન લાઈન સેવાઓને Intelligent Front Ends તરીકે કાર્ય કરે છે. તે સલાહકારી પધ્ધતિઓ સાથે નજીકતાથી સંબંધિત છે. તેમનું પ્રાથમિક લક્ષ્ય ઓનલાઈન સેવાઓની મુશ્કેલી મુક્ત પ્રવેશ પૂરી પાડવાનું છે. પ્રતિક્રિયાત્મક સલાહકારી પધ્ધતિઓથી વિરુધ્ધ આ Front ends વધારે કે ઓછી માત્રામાં સર્ચ પ્રવેશમાં દાખલગીરી કરે છે.

(C) **Intelligent Intermedianess** : આ પધ્ધતિઓ શોધ વિનંતીઓને વિસ્તૃત રીતે સમજાવવા અને અર્થઘટક કરવાની શોધ તરકીબો અને ઉપયોગકારોના જ્ઞાનને આધારિત રહે છે. તેઓ ક્ષતિપૂર્તિને અસર કરવા દસ્તાવેજ આધારમાં રજૂ કરાયેલ સંકલ્પનાઓ અને જ્ઞાનનો ઉપયોગ કરે છે અને આ રીતે માણસ માહિતી મધ્યમો સાથે જોડાયેલ ઘણા સમસ્યા - ઉકેલ કાર્યોની અવગણના કરે છે.

ઉપરોક્ત Expert Systems અન્ય વિસ્તારો કે ક્ષેત્રો જેવા કે પ્રશ્ન સૂત્રીકરણમાં નિષ્ણાતો વિશિષ્ટ વિષયોમાં ક્ષતિપૂર્તિ નિષ્ણાતો અને ઉપયોગકાર ઘડતરમાં, ઉપયોગકારના નમૂનાનું ઘડતર કરીને, Expert System ઉપયોગકારના ક્ષેત્રમાં તેના કાર્યને બંધબેસતું થઈ શકે છે. નિષ્ણાત અથવા જ્ઞાન આધારિત પદ્ધતિઓ ઈચ્છિત પરિણામો ઉત્પન્ન કરવામાં તટસ્થ માળખાં અને કૃત્રિમ બુદ્ધિમત્તાની પરિષ્કૃત પ્રયુક્તિઓનો ઉપયોગ કરે છેત્યારે, કેટલીક વેબ આધારિત માહિતી પધ્ધતિઓ તેમના ગ્રાહકવર્ગોની ખૂબ બુદ્ધિપૂર્વક રીતે સેવા કરવા માટે નિષ્ણાત પધ્ધતિઓની ગણતરી પ્રક્રિયાઓ સાથે અનુકુલન કરે છે. ઇન્ટરનેટ આધારિત Expert Systems નાં ઉદાહરણો નીચે પ્રમાણે છે.

**(4) The Coatings Guide Expert System (CAGE)**

તે ઓછામાં ઓછા જોખમી યોગ્ય રંગ અને પડનો ઉપયોગ કરવા ઔદ્યોગિક ઉપયોગકારોને ભલામણો ઉત્પાદિત કરે છે.

**(B) The Expert Systems for Thermodynamies (TEST)**

તે થર્મોડાયનેમીક્સમાં સામાન્ય સમસ્યાઓ ઉકેલવામાં વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિક ઈજનેરોને મદદ કરવાનો ઇરાદો ધરાવે છે.

**(C) The Replite Indetification Helper (RIH)**

તે 'Pennyslvania Herpetological At Last' તરીકે જાણીતા પેન્સિલ વેનિયામાં દ્વિચર અને સરિસૃપોની ચાલુ વસતિ ગણતરીના ભાગ તરીકે ક્ષેત્ર નમૂનાઓની ઓળખમાં મદદ કરે છે.

### 15.5.4 ઇલેક્ટ્રોનીક બ્રોકરેજ (Electronic Brokerage)

નાણાંકીય બજારમાં દલાલો કંપનીઓ અને શેરધારકો વચ્ચે માધ્યમો/મધ્યસ્થીઓ છે, હાલ, વેચાણયુક્ત શેરો નાણાંકીય બોન્ડનું ઘણા શેર બજારોમાં ઓન લાઇન લે - વેચ થાય છે. દલાલો રોકાણકારોની શેર વ્યવસ્થાપન તથા નાણાંકીય મૂડી વ્યવસ્થાપન માટે વિવિધ સેવાઓ પૂરી પાડે છે. રોકાણકારો દલાલો પાસેથી નિર્ણયિક પરિષ્કૃત માહિતી મેળવી શકે છે. વીજાણુ Brokers કંપની અને ઉદ્યોગ માહિતી શોધયુક્ત અને નિ:શુલ્ક પૂરી પાડવા ઇન્ટરનેટ સ્રોતોનો ઉપયોગ કરે છે. તેઓ વાણિજ્યીક માહિતી એકત્ર કરે છે અને રોકાણકારોને સલાહયુક્ત સેવાઓ પૂરી પાડે છે. જ્યાં કેટલાક નિષ્ણાતો પણ સંમિલિત હોય છે. આ પ્રકારનો માહિતી મધ્યગ કોઈ પણ પ્રકારના ચાર્જ કે ફી વિના (નિશુલ્ક) રોકાણકારોને નિર્ણયિક માહિતી પૂરી પાડે છે. પરંતુ રોકાણકારો દ્વારા કરાતા નાણાંકીય લેવડદેવડમાંથી નફો કમાય છે.

8. માહિતી મધ્યગનાં કાર્યોમાં ઇન્ટરનેટની ભૂમિકાની ચર્ચા કરો.

નોંધ : 1 નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

2. એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.6 ભારતમાં માહિતી માધ્યમો (મધ્યસ્થીઓ) (INFORMATION INTERMEDIARIES IN INDIA)

ભારતમાં માહિતી સેવાઓ વિકસાવીને, માહિતી માધ્યમોના કેટલાંક કાર્યો ભારતીય સંસ્થાઓનું શીધ્ર ધ્યાન મેળવે છે. કૃષિક્ષેત્રમાં, વિસ્તરણ કાર્યકરો અસંખ્ય દસકાઓથી કૃષિક્ષેત્રમાં, વિસ્તરણ કાર્યકરો અસંખ્ય દસકાઓથી કૃષિ વૈજ્ઞાનિકો અને ખેડૂતો વચ્ચે જોડાણ કાર્યો (કડીરૂપ કાર્યો) બજાવી રહ્યા છે. ગ્રામ્ય અને શહેરી પરિવેશમાં, સહાયક તબીબી વ્યાવસાયિકો, જિલ્લા વિકાસ અધિકારીઓ સેવાઓ આપી રહ્યા છે. જે ઉપયોગકારો અને માહિતીને જોડે છે. ઘણાં વાણિજ્ય સંગઠનો અને સંશોધન સંસ્થાઓ - ખાનગી અને જાહેર ક્ષેત્રોમાં માહિતી માધ્યમોના ભૂમિકાની અગત્ય પરત્વે સજાગ છે. ઘણી સંસ્થાઓ જેવી કે The Indian Institutes of Technology (ITIs) Indian Institute of Management (IIMs) Pharmacontical RTD Centres અને આવી અન્ય સંશોધન સંસ્થાઓ (સંગઠનો) માં માહિતી મધ્યમોની સેવાઓની અસર જોઈ શકાય છે. આ સંસ્થાઓ આવી સેવાઓનું મૂલ્ય સમજે છે. જાણકારી ધરાવે છે.

## 15.7 સારાંશ (SUMMARY)

માહિતીના વિકાસ અને તેના ઝડપી પ્રવેશની જરૂરિયાત માધ્યમો તરીકે જાણીતા સુસ્પષ્ટ માહિતી વ્યાવસાયિકોના જૂથના વિકાસમાં પરિણમી છે. તેઓ મૂળભૂત રીતે માહિતીના ઉત્પાદકો અને ઉપયોગકારો વચ્ચે કડીરૂપ મધ્યસ્થી તરીકે સેવા બજાવી રહ્યા છે અને ઉપયોગકારો વતી માહિતીના

પુનઃગઠન સઘનીકરણ, પૃથ્થકરણ, એકત્રીકરણ જેવી વિવિધ જૂથોમાં સંચાલન કરે છે. - કાર્યરત રહે છે. તેઓ વિવિધ નામોથી પદોનીત કરાય છે પરંતુ મૂળભૂત રીતે તેઓ માહિતી સ્રોતો અને ઉપયોગકારો વચ્ચે કડીરૂપ તરીકે કાર્ય કરે છે. હાલ માનવ તેમજ સ્વયંસંચાલિત પધ્ધતિઓ બંને માહિતી માધ્યમો તરીકે કાર્ય કરી રહ્યા છે. પરિષ્કૃત માહિતી અને પ્રત્યાયયન ટેક્નોલોજીના વિકાસની સાથે, બુદ્ધિમંત્ર એજન્ટો ભવિષ્યમાં વદે એવી અપેક્ષા રખાય છે. કમ્પ્યુટરાઈઝ માહિતી ક્ષતિપૂર્તિના સંદર્ભમાં Expert Systems, Filtering Software, Software engine and Electronic Brokerage માહિતી માધ્યમોના ઘણાં કાર્યો બજાવવા માટે વિકસિત કરાયાં છે.

ભારતમાં પ્રવર્તમાન પર્યાવરણમાં, Gate Keepers માહિતી પરામર્શકો, વિસ્તરણ કાર્યકર્તાઓ, સહાયક તબીબી વ્યાવસાયિકોની સંકલ્પના અત્યંત લોકપ્રિય બની રહી છે. મોટાભાગની વાણિજ્ય અથવા ઔદ્યોગિક સંગઠનો અને સંશોધન સંસ્થાઓ જાહેર અને ખાનગી ક્ષેત્રમાં માહિતી માધ્યમોની અગત્ય તરફ સજાગ છે. કેટલીક સંસ્થાઓ જેવી કે The Indian Institute of Technology (ITIs) Indian Institute of Management (IIM) Pharmacentical R & D અને અન્ય સંશોધન સંગઠનો માધ્યમોના આ પ્રકારની અસરનું અવલોકન કરીએ છીએ.

## 15.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (ANSWERS TO SELF CHECK EXERCISES)

1. માહિતી મધ્યમો એ વ્યક્તિઓ કે સંગઠનોનો નિર્દેશ કરે છે જેઓનું મુખ્ય લક્ષ્ય તેના ગ્રાહકવર્ગને માહિતી પૂરી પાડવાનું છે. તેઓ માહિતીના ઉપયોગકારો કે ઉત્પાદકો નથી. જેમનો મુખ્ય હેતુ (લક્ષ્ય) માહિતીના ઉપયોગકારો સાથે માહિતીના સ્રોતોને જોડવાનો છે.

2. માહિતીની અસરકારક તબદીલી માટે, માહિતી માધ્યમોએ નીચે જણાવેલી વિશિષ્ટ કૌશલ્યો ધરાવવા જ જોઈએ.

   (1) અસરકારક પ્રત્યાયન કૌશલ્યો

   (2) વસ્તુઓનું સહેલાઈથી અર્થઘટન કરવાની અને પૃથ્થકરણ કરવાની માનસિક ક્ષમતા

   (3) માનવીય કૌશલ્યો જેવા કે બોર્ડીંગ અથવા ડેટા એન્ટ્રી કાર્યો

   (4) ઝડપી ઓનલાઇન સર્ચિંગની શક્તિ.

3. માહિતી મધ્યોગોનાં ત્રણ પાયારૂપ કાર્યો છે.

   **1. ડેટા અને માહિતીનું સર્ચિંગ**

   આ કાર્ય ઉપયોગકારની જરૂરિયાતની ઓળખ, શોધ વ્યૂહનો વિકાસ, માહિતીના સ્રોતોની ઓળખ અને આખરે ડેટા અથવા માહિતી પ્રવેશને સમાવેશ કરે છે.

   **2 ડેટા અને માહિતી પૃથ્થકરણ**

   ડેટા અને માહિતી પ્રવેશ બાદ, બીજું પગથિયું તેનું યોગ્ય રીતે પૃથ્થકરણ કરવાનું અને ઉપયોગકારની જરૂરિયાત મુજબ માહિતી સઘન બનાવવનું છે.

   **3. જરૂરી સ્વરૂપમાં માહિતીનું પ્રસાર કરવું.**

   પ્રાપ્ત કરેલ ડેટા અથવા માહિતી અદ્યતન હેવાલોના સ્વરૂપમાં પુનઃ ગઠિત કરાય છે અને સઘન કરાય છે અને આખરે માહિતીના વપરાશકારોને અપાય છે.

4. Information Brokers એ એવી વ્યક્તિઓ અથવા પેઢીઓનો નિર્દેશ કરે છે જેઓ ફી વસુલીને માહિતી પૂરી પાડે છે. બીજી બાજુએ માહિતી પરામર્શકો એવી વ્યક્તિઓ કે પેઢીઓ છે જેઓ ઘડતર, વ્યવસ્થાપન, સલાહ આપવી વગેરેમાં સંમિલિત હોય છે. આ બંને વચ્ચે પાયારૂપ તફાવત છે કે દલાલ માંગણીના આધારે માહિતી પૂરી પાડે છે. જ્યારે પરામર્શકો માહિતીનું શું કરવું અને તે કેવી રીતે કરવું તે કહે છે.

5. ઇન્ટરનેટ આધારિત ઓનલાઇન માહિતી સેવાઓના વિકાસ પછી ઓનલાઇન વિક્રેતાઓની સેવાઓ મહત્વની રીતે બદલાઈ છે. ઇન્ટરનેટ વાડ્મયસૂચિય અને સંપૂર્ણ ગ્રંથ માહિતી સંગ્રહોના પ્રવેશની ઓચા - મૂલ્યની પધ્ધતિઓ આપે છે. જેઓની શોધ, ખેડાણ અને ક્ષતિપૂર્તિ સહેલી હોય છે. આ રીતે ઓન લાઇન વિક્રેતાઓ હવે મૃત ય જાતિ બન્યા છે અને

આ સંસ્થાઓએ સમર્પિત દૂરદર્શન માળખાને બદલે ઈન્ટરનેટ મારફતે સેવાઓના વિતરણની તેમની પધ્ધતિમાં પરિવર્તન કર્યું છે. અત્યારે તેઓ માહિતી દલાલોનાં સૌથી વધારે કાર્યો અને નફાના આધારે માહિતી પરામર્શકોના થોડાં કાર્યો બજાવે છે.

6. ઈન્ટરનેટ ઘણી રીતે માહિતી માધ્યમો તરીકે કાર્ય કરે છે. ઈન્ટરનેટ સ્રોતો ઘણા વિશાળ છે અને અસંખ્ય વેબસાઈટો, વેબ પેઈઝીસ અને બેવ પોર્ટલમાં વિખરાયેલા છે. આથી યોગ્ય ઈન્ટરનેટ સ્રોતોમાં પ્રવેશ કરવો એ તકલીફયુક્ત કાર્ય છે. અસંખ્ય મધ્યવર્તી કાર્યો ઈન્ટરનેટ મારફતે ઉપલબ્ધ છે જેઓ ઉપયોગકાર અને માહિતી સ્રોતો વચ્ચે કડી બને છે. ઈન્ટરનેટ સર્ચ એન્જિન, કોલેબરેટીવ ફીલ્ટર્સ, એક્સપર્ટ સીસ્ટમસ્, સબ્જેક્ટ ગેટવેજ અને કેટલાક અન્ય પરિસ્કૃત સ્વયંસંચાલિત પધ્ધતિઓ જરૂરી ઊંડાણમાં વિશિષ્ટ સ્વરૂપમાં વિશિષ્ટ માહિતી પ્રવેશ માટે અસંખ્ય ઉપયોગીતાઓ પૂરી પાડે છે. કેટલાક અન્ય માહિતી માધ્યમો પણ તેમના વ્યાવસાયિક ગ્રાહકવર્ગને ઝડપી, ચોકસાઈપૂર્ણ અને નિશ્ચિત માહિતી આધારો પૂરા પાડવા માટે ઈન્ટરનેટ ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

## 15.9 ચાવીરૂપ શબ્દો (KEYWORDS)

| | | |
|---|---|---|
| 1. સઘનીકરણ અને પુનઃ ગઠન | : | માહિતી પૃથ્થકરણ કરવી, મૂલ્યાકંન કરવી, પુનઃ ગઠન કરવી અલગ તારવવાની પ્રયુક્તિ અને આખરે તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવી. |
| 2. Collaborative | : | અન્ય આદર્શ રીતે સમાન વિચારસરણી ધરાવતા ઉપયોગકાર પાસેથી મેળવેલ Filter માહિતી પર ઉપયોગકારો માટે વ્યક્તિલક્ષી ભલામણકાર. |
| 3. Ecpert Systems | : | કમ્પ્યુટર પ્રોગ્રામને સેટ કે જે માહિતી શોધવા અને ઉપયોગ કરવા ઉપયોગકારને માર્ગદર્શન આપે છે. |
| 4. વિસ્તરણ કાર્યકરો | : | એવી વ્યક્તિઓ કે જે માહિતી એકત્ર કરે છે. આત્મસાત્ કરે છે. પુનઃ ગઠન કરે છે અને પ્રસાર કરે છે. સામાન્ય રીતે, તેઓ ગ્રામ્ય અને અર્ધ - શહેરી વિસ્તારોમાં કાર્ય કરે છે |
| 5. માહિતી પૃથ્થકરણ | : | આવશ્યક સંકલ્પનાઓ ઓળખવાની પધ્ધતિઓ અને પ્રયુક્તિઓ કે જે ઉપયોગકારની જરૂરિયાતો માટે ઉપયોગી હોય. |
| 6. Invisible Collages | : | માહિતી અને વિચારોના વિનિમય માટે અનૌપચારિક રીતે જૂથ રચવા માટે વ્યક્તિઓનું જૂથ. |
| 7. Listserv (સભાપીઠ) | : | ઈન્ટરનેટ આધારિત ચર્ચા વિચારણા ગોષ્ઠીમંચ જેના સભ્યો સમાન રસ વિશે સમજાતીય જૂથની રચના કરે છે. |
| 8. Referral Specialist (નિર્દેશન વિશેષજ્ઞ) | : | વ્યક્તિ કે જૂથ કે જે માહિતી સ્રોતો સાથે ઉપયોગકારને જોડવા માટે મધ્યસ્થી તરીકે કાર્ય કરે છે. |
| 9. Search Strategy (સર્ચ વ્યૂહ) | : | ફાઈલમાંથી માહિતી શોધવા વિકસાવેલ સંકલ્પનીય યોજના |
| 10. Technological | : | સંગઠનમાં નિષ્ણાતો કે જે વિષય પરથી અદ્યતન માહિતી પર ધ્યાન રાખે છે. અને Gatekeepers જરૂર માહિતી માટે સહયોગી વપરાશકારોને માહિતી પૂરી પાડે છે અથવા માર્ગદર્શન આપે છે. આ લોકો મુખ્યત્વે વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ઉપલબ્ધ હોય છે અને અનૌપચારિક રીતે કાર્યો કરે છે. |

## 15.7 સંદર્ભો અને વિશેષ વાંચન (REFERENCE AND FURTHER READING)

Allen, T.J. (1968). Organisational Aspects of Information Flow. Aslib Proceeding 2011-433-54

Belkin, Nicholoas J. and Cropt. W. Bruce (1992). Information Filtering and Information Retrieval : Two sides of the same coin ? Communication of the ACM. 35(12), 29-38.

Chaherlain, carol (1991). The Gatekeepers and Information. Library Acquisition : Practice and Theory. 15-265-69

Crawford, Marshall Jean (1988). Information Broking : A New Career in Information Work, London : Library Association.

Drenth, H. (et.al) (1991) Expert Systems as Information Intermediaries. ARIST 26,113-54.

Duckitt, P. (1984). The Intermediary Today and Tommorrow. Aslib Proceedings 36(2),79-86.

Gitchrist, Alan (1999). Library and Information Conslutancy in the United Kinglom. In. Encylopedia of Library and Information Science. New york : Marcel Dekker. Vol. 72, PP 192-206.

Gurnsey John and white mertin (1989) Information Consultancy. London : (Live Bingley)

Johnson, Alice (1991). Information Brokers. In : Encyclopedia of Library and Information Science. New York : Marcel Dekker. Vol. 48, PP. 171.76.

Loeb, Shoshana (1992). Architecturing Personalised Delivery of Multimedia Information. Communication of the ACM 36(12), 39-48.

Rugee, Sue Glossbrenner, Alfred (1995). The Information Brokers Handbook, 2nd ed. Newyork : MC Graw - Hirl.

Search Engine Watch (2005). http://www.search engine watch.com

Sen, B.K. (1997). Science and technology Information Intermediaries. In : MLIS-03, Block 4, Unit 14, New Delhi : Indira Gandhi National Open University.

Spangler, william E. and May, Jerrold K. (2000). Expert and Knowladge - based systems. In Encyclopedia of Library and Information Science. Newyork : Marcel Dekker. Vol. 67, PP, 169-96.

Stonier, T (1983) The Wealth of Information : A Profit of the Post Industrial Economy. London : Methuen.

Ward, Sandra (1999) Information Professionals for the next Millennium. Journal of Information Science, 25 (4), 239-47.

Yard, B. (1970). The Pillington Technical Communication System. Aslib Proceedings. 22 (10)